# ગુરુપૂજન-નવાંગી ગુરુપૂજન

## કેટલાક શાસ્ત્રીય પાઠો

### ગુજરાતી ભાવાર્થ સાથે

: પ્રકાશક :

જૈન શાસનમ્

૨૦૫, શ્રીજી દર્શન, પ્રસાદ ચેમ્બર સામે,

ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪

ફોન : ૩૬૪ ૨૯૩૦-૧-૩. ફેક્સ : ૩૬૮ ૩૮૮૮

# ગુરુપૂજન-નવાંગી ગુરુપૂજન

## કેટલાક શાસ્ત્રીય પાઠો

### ગુજરાતી ભાવાર્થ સાથે

**नम्र सूचन**

**इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत समयावधि में शीघ्र वापस करने की कृपा करें. जिससे अन्य वाचकगण इसका उपयोग कर सकें.**


વિ. સં. ૨૦૫૫
પોષ સુદ-૧૩

: પ્રકાશક :
જૈન શાસનમ્


૨૦૫, શ્રીજી દર્શન, પ્રસાદ ચેમ્બર સામે,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪
ફોન : ૩૬૪ ૨૯૩૦-૧-૩
ફેક્સ : ૩૬૮ ૩૮૮૮


પ્રથમાવૃત્તિ
નકલ-૩૦૦૦

# સમજીને સુધારો લઈએ...


સુવિહિત શ્રમણશ્રેષ્ઠોનાં **'નવાંગી ગુરુપૂજન'**ના મુદ્દે સંઘના અમુક વર્ગોમાં ચોક્કસ વર્ગ તરફથી શંકા-કુશંકાનું વાતાવરણ ફેલાવવામાં આવી રહ્યું છે. શાસ્ત્રીય બોધથી રહિત શ્રાવક-શ્રાવિકાઓ શાસ્ત્રસિદ્ધ એક મહાન આચરણાથી અલગ થઈ જાય એ માટે તદ્દન અસંબદ્ધ અને વાહીયાત દલીલોના મહેલ ચણી શાસ્ત્રોક્ત એ આચરણાનું અણિશુદ્ધ પાલન કરનારા વર્ગને જ 'એ જાણે શાસ્ત્ર વિરુદ્ધ કાર્ય કરી રહ્યા છે,' એવા ચીતરવાનો એમનો નરણીયો પ્રયાસ ચાલી રહ્યો છે.

એમાં શ્રી જિનેશ્વર પરમાત્માના શાસ્ત્રોની ખરેખર આજ્ઞા શી છે ? શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનને સંપૂર્ણ વફાદાર એવા સુવિહિત શિરોમણિ આચાર્ય ભગવંતોની શાસ્ત્રાનુસારિણી આચરણા શી છે ? એ આજ્ઞાનું પ્રકાશન કરતાં શાસ્ત્રો કયાં છે ? વગેરે બાબતો ઉપર પ્રકાશ પાડવાનો આ એક વિનમ્ર પ્રયાસ છે.

નવાંગી ગુરુપૂજન પૂર્ણતઃ શાસ્ત્રીય જ છે. વર્તમાન દેશકાળમાં પણ શાસ્ત્રોની એ વિષયક આજ્ઞાને બદલવાનો કોઈને પણ અધિકાર નથી જ. કારણ કે આજ્ઞાનો વિષય, પાંચમા આરાના જીવો પણ ચોક્કસ છે જ અને વર્તમાનમાં એવા કોઈ દેશ-કાળ બદલાઈ ગયા નથી કે જેથી તેનું ઓઠું લઈને આ તારક વિધાન સાથે ચેડાં કરવાં પડે.

માટે જ પાંચમા આરાના ભૂષણ સમા અને જેમના નામગ્રહણ માત્રથી જ સર્વ અનિષ્ટોનું હરણ થતું તે પ્રૌઢ પ્રતાપી ભટ્ટારક ગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યદેવ શ્રી **વિજય દાનસૂરીશ્વરજી** મહારાજા, સર્વત્ર અભયનો પડહ વગડાવનાર જગદ્ગુરુ પૂ. આચાર્યદેવશ્રી **હીરવિજયસૂરીશ્વરજી** મહારાજા તેમજ જેમના નામ ઉપરથી પોતાને દેવસૂરગચ્છના તરીકે જે કેટલાક ઓળખાવે છે તે પૂ. આ. શ્રી **વિજયદેવસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટધર પૂ.આ.શ્રી **વિજયસિંહસૂરીશ્વરજી** મહારાજા આદિ સર્વ સુવિહિત શિરોમણિ મહાપુરુષોએ એ માર્ગને અકબંધ રાખ્યો. એટલું જ નહિ પણ વર્તમાનકાળના શ્રમણ સંઘના પ્રાયઃ દરેક વડીલ આચાર્યાદિ ભગવંતોએ પણ એ શાસ્ત્રીય પ્રથાનો ક્યારેય ક્યાંય અપલાપ કર્યો/કરાવ્યો નથી. ઉપરથી એનું પાલન કરનાર સજ્જનોને સાથ-સહકાર જ આપ્યો છે.


ખંભાતમાં આવેલ તપગચ્છ અમરશાળાના ઉપાશ્રયે પધારતાં વિવિધ દરેક સમુદાયના



અમદાવાદ-પ્રકાશ હાયસ્કુલના પટાંગણમાં કર્મગ્રંથના વિમોચન વખતે પૂ.આ.શ્રી. વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનું ઉછામણીપૂર્વક નવાંગી ગુરુપૂજન કરતાં ખભાનું પૂજન કરી રહેલ પિંડવાડાના સુશ્રાવક દેખાઈ રહ્યા છે. (સંભારણા સૂરિ-પ્રેમનાંમાંથી સાભાર)



આ.શ્રી.વિ. ભુવનભાનુસૂરિજી મહારાજનું 'પરમતેજ' ગ્રંથના વિમોચન વખતે કલકત્તામાં રૂા. ૨૦૦૦ની બોલી બોલીને નવાંગી ગુરુપૂજન કરતાં કરકાંડે પૂજન કરી રહેલ ખંભાતના શ્રાવક શ્રી ભાણાભાઈ ! સાથે છે શ્રી રમણભાઈ શ્રોફ (દિવ્યદર્શનમાંથી સાભાર)



પાલીતાણામાં ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં પ્રવચન સમયે
આ.શ્રી.વિજય કલાપૂર્ણસૂરિજી મહારાજનું નવાંગી ગુરુપૂજન કરતાં
ખભાનું પૂજન કરી રહેલ મુમુક્ષુબેન દેખાઈ રહ્યા છે.

## 'નવાંગી ગુરુપૂજન શાસ્ત્રીય નથી'

## 'નવાંગી ગુરુપૂજનનો શાસ્ત્રોમાં નિષેધ છે'

'ગુરુપૂજન તો અંગૂઠે જ થાય' અને

'ગુરુના અંગની પૂજા તો થાય જ નહિ'

- આવો અવળો પ્રચાર-પ્રસાર કરતા

મહાનુભાવો આ દીવા જેવા પ્રમાણો

જોઈને વિચારશે તો જરૂર સાચો માર્ગ મળશે.

પૂજ્યોનું આ રીતે નવાંગી ગુરુપૂજન થયાના દાખલા ખંભાતના કોઈપણ વૃદ્ધ શ્રાવકને અજાણ નથી જ.

**હીર પ્રશ્નોત્તર, શ્રાદ્ધવિધિ, આચાર દિનકર, આચાર પ્રદીપ, પ્રશ્નોત્તર સમુચ્ચય** જેવા અનેક ગ્રંથોના આધારે શ્રી **દ્રવ્ય સપ્તતિકા** નામના સકલ સંઘમાન્ય મહાપવિત્ર ગ્રંથમાં 'શ્રી **जिनस्येव गुरोरपि अङ्गाग्रपूजा सिद्धा ।' 'શ્રી જિનની જેમ ગુરુની પણ અંગ અને અગ્ર પૂજા સિદ્ધ થઈ'** એમ જણાવ્યું છે.

**આચારાંગ** જેવા પરમપવિત્ર આગમ ગ્રંથમાં 'सम्पूजनं' પદથી ગુરુપૂજાની સિદ્ધિ કરી 'गंधादिना' પદથી કસ્તુરી, કપૂર, ચંદન, અગુરુ વગેરે સુગંધી દ્રવ્યમાંથી બનેલ વાસક્ષેપથી ગુરુની પૂજા કરવાનું બતાવ્યું છે.

**આચાર દિનકર, દ્રવ્ય સપ્તતિકા, પ્રતિષ્ઠા કલ્પ, બિંબ પ્રવેશ વિધિ** જેવા સંઘમાન્ય ગ્રંથોમાં નાણાં વગેરેથી નવાંગી ગુરુપૂજાનાં સ્પષ્ટ વિધાનો જેમ છે, તેમ **જગદ્‌ગુરુ કાવ્ય, વિજય પ્રશસ્તિ, હીરસૂરિ રાસ** જેવા ચરિત્ર ગ્રંથોમાં નવાંગી ગુરુપૂજનની શાસ્ત્રોક્ત પ્રામાણિક પરંપરાના પાલનના પ્રસંગોના ઉલ્લેખો છે.

માત્ર તપાગચ્છ માન્ય ગ્રંથોમાં નવાંગી ગુરુપૂજાના ઉલ્લેખ છે, એવું નથી. પણ ખરતર ગચ્છ અને અંચલ ગચ્છ જેવા અન્ય મોટા ગચ્છોમાં પણ એ શાસ્ત્રીય વિધિના પાલનના દાખલાઓ નોંધાયેલા છે.

એક વિશેષ વાત વિચારવા જેવી આ છે કે વિધાન ગ્રંથોનો, ચરિત્ર ગ્રંથોનો કે ઐતિહાસિક પ્રમાણ ગ્રંથોનો એક પણ ઉલ્લેખ **'નવાંગી ગુરુપૂજન ન જ કરવું જોઈએ'** એવો મળતો નથી. એક બાજુ નવાંગી ગુરુપૂજન કરવાનાં ઢગલાબંધ વિધાનો-ઉલ્લેખો મળે છે જ્યારે બીજી તરફ નવાંગી ગુરુપૂજનના નિષેધનો એક પણ પ્રામાણિક ઉલ્લેખ મળતો ન હોય ત્યારે 'સુજ્ઞ વિચારકે શું કરવું જોઈએ ?' એ લખવાની કોઈ જરૂરત રહેતી નથી.

આ સંગ્રહમાં શરૂઆતમાં ગુરુપૂજન, સુગંધી દ્રવ્યોથી ગુરુપૂજન, નાણાં-મુદ્રા વગેરેથી ગુરુપૂજનના ઠીક ઠીક પાઠો આપ્યા બાદ નવાંગી ગુરુપૂજન અંગેના વિવિધ પાઠો આપ્યા છે. છેલ્લે શ્રાવક શ્રેષ્ઠોની નવાંગી પૂજાનો પાઠ તો આપ્યો છે જ સાથે પ્રતિમા ઘડનાર શિલ્પીની પણ સુગંધી દ્રવ્યથી પૂજા કરવાનું વિધાન રજૂ કર્યું છે. જે 'પૂજન'ની પ્રણાલિકા ઉપર સારો એવો પ્રકાશ પાડે છે.

આ પાઠોનો પૂર્વગ્રહ કે પૂર્વાગ્રહ રાખ્યા વિના શાંત ચિત્તે વિચાર કરી આત્મનિસ્તારક, ગુરુબહુમાનમૂલક નવાંગીગુરુપૂજન - ગુરુપૂજનનો અજ્ઞાનાદિ કારણે વિરોધ કરવાનો માર્ગ છોડી જૈન શાસનના એ તારક અનુષ્ઠાનને સૌ કોઈ અનુસરનારા બને એ જ અભિલાષા.

**— સંપાદક**

# ગુરુપૂજનના પાઠો

જૈન શાસનમાં જેટલું મહત્ત્વ શ્રી તીર્થંકર દેવોનું છે, તેઓની ગેરહાજરીમાં તેટલું જ મહત્ત્વ આચાર્ય ભગવંતોનું છે. સામાન્યપણે કોઈ પણ અન્યની સાથે તીર્થંકરોની તુલના થઈ શકતી નથી. છતાં પણ શાસ્ત્રકારોએ નવ-નવ પ્રકારે એમની સાથે આચાર્ય ભગવંતોની તુલના કરી છે. એના ઉપરથી પણ આચાર્ય ભગવંતની તીર્થંકરસમ પરમપૂજ્યતાનો પૂરો ખ્યાલ આવી જાય છે.

**'સંબોધ સિત્તરી'**[1] પૂર્વાચાર્ય-પ્રણીત એક શાસનમાન્ય રચના છે. એની ૧૩મી ગાથા નીચે મુજબ છે :

**तित्थयर-समो सूरी, सम्मं जो जिणमयं पयासेइ ।**
**आणाइ अइक्कंतो, सो कापुरिसो न सप्पुरिसो ।।१३।।**

**અર્થ : જૈનશાસનને જેઓ સારી રીતે પ્રકાશિત કરે, એ સૂરિ ભગવંતો તો તીર્થંકર જેવા છે, તીર્થંકરની આજ્ઞાનું ઉત્થાપન-ઉલ્લંઘન કરનારા આચાર્યો સત્પુરુષ નથી, કાપુરુષ છે.**

**'સંબોધ પ્રકરણ'**[2]માં પૂ.આ. શ્રી **હરિભદ્ર સૂરિજી મહારાજ** જણાવે છે કે

---

૧. શ્રી જૈનધર્મ પ્રકરણ રત્નાકર : પૃષ્ઠ-૫૬૯. જુઓ, યોજક **પૂ. આચાર્ય શ્રી વિજયરામસૂરિજી મ. (ડહેલાવાળા)** – પ્રકાશક શ્રી સુરેન્દ્રસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા વતી શેઠ રજનીકાંત ચંદુલાલ ઝવેરી, દોશીવાડાની પોળ, અમદાવાદ.

૨. જુઓ પૃષ્ઠ-૨૩ ૧/૨, પ્રકા.: જૈન ગ્રંથ પ્રકાશક સભા, કાર્યવાહક : શાહ વાડીલાલ બુધાલાલ.

**एवं तित्थयरसमं, नवहा सूरिण भासियं समए ।**

**तस्साणाए वट्टण-मुब्भावणमित्थ धम्मस्स ।।१५४।।**

**આ પ્રમાણે નવ પ્રકારે શ્રી તીર્થંકર મહારાજા સાથે જે સૂરિ મહારાજાની સમાનતા શાસ્ત્રમાં ફરમાવેલ છે, તે સૂરિ મહારાજની આજ્ઞામાં વર્તવું એ આ લોકમાં ધર્મની પ્રભાવના છે.**

આચાર્ય ભગવંતો તીર્થંકર સમાન છે, એ વાત આપણે જોઈ હવે શાસન સમર્પિત **આચાર્યો આદિનું વાસક્ષેપ આદિ સુગંધી પદાર્થોથી પૂજન કરવાનું સમર્થન** આપણને ગણધર ભગવંત **શ્રી સુધર્માસ્વામી** સૂત્રિત **શ્રી આચારાંગ સૂત્ર**[3] નામના આગમમાંથી મળી શકે છે અને આ રીતના **ગુરુપૂજનને 'દર્શન શુદ્ધિ'ના અંગ તરીકે સિદ્ધ કરતો ઉલ્લેખ** પણ આ જ આગમ સૂત્રમાંથી મળે છે. આપણે શ્રી આચારાંગ સૂત્રનો[4] એ પાઠ જોઈએ :

**मूल : तित्थगराण भगवओ, पवयण-पावयणि-अइसइड्डीणं ।**
**अभिगमण-णमण-दरिसण-कित्तण-*संपूअणा*-थुणणा ।।३३३।।**

**टीका :** तीर्थकृतां भगवतां प्रवचनस्य-द्वादशाङ्गस्य-गणिपिटकस्य, तथा प्रावचनिनां-आचार्यादीनां-युगप्रधानानां-तथाऽतिशयिना-मृद्धिमतां केवलिमनःपर्यायावधिमच्चतुर्दश-पूर्वविदां, तथाऽऽमर्षौषध्यादिप्राप्त-ऋद्धीनां यदभिगमनं गत्वा च दर्शनं तथा गुणोत्कीर्त्तनं **संपूजनं गन्धादिना** स्तोत्रैः स्तवन-मित्यादिका दर्शनभावना, अनया हि दर्शन-भावनाऽनवरतं भाव्यमानया दर्शन-विशुद्धिर्भवतीति ।।

**ટીકાર્થ : તીર્થંકર ભગવંતો, આચાર્ય ભગવંતો, યુગપ્રધાનો, કેવલિ-મનઃપર્યવજ્ઞાની- અવધિજ્ઞાની-ચતુર્દશ પૂર્વધારી તેમજ આમર્ષૌષધિ આદિ**

---

૩. આચાર્યવર્ય શ્રી શીલાંકાચાર્યકૃતટીકા સમલંકૃત-ભગવત્સુધર્માસ્વામિદૃબ્ધ 'શ્રી આચારાંગ-સૂત્ર'નો દ્વિતીય શ્રુતસ્કંધરૂપ બીજો વિભાગ, પૃષ્ઠ-૩૮૫ જુઓ, પ્રકાશક : મુમ્બાપુરીય શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ.

૪. પૂ.આ. **વિજયમાણિક્યસાગર સૂરિજી** શિષ્ય **પં. લાભસાગર ગણિ** સંશોધિત આ ગ્રંથનું પૃષ્ઠ-૨ જુઓ, પ્રકાશક : આગમોદ્ધારક ગ્રંથમાળા : કપડવંજ (જી. ખેડા), પ્રાપ્તિસ્થાન : જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.

ઋદ્ધિવાળાઓની સામે જવું, જઈને દર્શન કરવા, ગુણનું કીર્તન કરવું, **સુગંધી દ્રવ્યોથી પૂજન કરવું.** સ્તોત્ર આદિથી સ્તવના કરવી – આ બધી દર્શન ભાવનાની ક્રિયા છે. આ ભાવનાઓનું નિરંતર સેવન-ભાવન કરવાથી દર્શનની વિશુદ્ધિ થાય છે.

આ જ વાત **શ્રી વિમલસૂરિ** શિષ્ય **ગણિ ચક્રકીર્તિ** વિરચિત **'નિઃશેષ સિદ્ધાંત વિચાર પર્યાય'**[૪] નામના ગ્રંથમાં પણ શ્રી આચારાંગની સાક્ષી આપીને નીચે મુજબ જણાવાઈ છે.

**तित्थगराण भगवओ, पवयण-पावयणि-अइसइड्ढीणं ।**
**अहिगमण-नमण-दरिसण-कित्तण-*संपूयणा*-थुणणा ।।**

गाथार्थस्तु-प्रवचनस्य द्वादशाङ्गस्य प्रावचनिकानां-आचार्यादीनां-युगप्रधानानां-तथाऽतिशयिनां-ऋद्धिमतां यदिभगमनं, गत्वा च दर्शनं तथा गुणोत्कीर्त्तनं, **सम्पूजनं गन्धादिना,** स्तोत्रैःस्तवनं इत्यादिका दर्शनभावना, इत्यनया **आचार-निर्युक्तिगाथातः गन्धपूजा** गुरोरभिगमनं **च समर्थ्यते** ।

આ ટીકાનો અર્થ આપણે જોઈ ગયા, એ શ્રી આચારાંગ સૂત્રની ટીકાના અર્થને લગભગ મળતો જ છે. આમાંથી પણ એ જ ભાવનો ધ્વનિ નીકળે છે કે તીર્થંકર, પ્રવચન, એ પ્રવચનના ધારક પૂ. આચાર્ય-ભગવંતો, યુગપ્રધાનો, અતિશયધારી અને ઋદ્ધિધારી મહાત્માઓની સંમુખ જવું, નમન, સ્તવન અને પૂજન કરવું - ઇત્યાદિ દર્શનભાવના છે. આચારાંગ નિર્યુક્તિની આ ગાથાથી ગુરુની સન્મુખ જવાના વિધાનને અને **વાસક્ષેપ આદિ સુગંધી પદાર્થો વડે ગુરુપૂજનની વિધિને સ્પષ્ટ સંમતિ મળે છે.**

**આચાર દિનકર**[૫] વિભાગ-૨ માં શ્રી **વર્ધમાનસૂરિજીએ** દેવની જેમ ગુરુને પણ નમન- પૂજન કરવાનું ફરમાવતાં જણાવ્યું છે કે –

---

૫. આચાર દિનકર, ભા. ૨ જો, પૃષ્ઠ-૬૬/૧ જુઓ.

ततो देवगृहं गत्वा, स्तोत्रैः शक्रस्तवादिभिः ।
स्तुत्वा जिनं पूजयित्वा, प्रत्याख्यानं विचिन्तयेत् ।।१।।
चैत्यं प्रदक्षिणीकृत्य, गत्वा पौषधमन्दिरम् ।
साधून् देववदानन्दा – न्नमस्येत्पूजयेत् सुधीः ।।२।।

**અર્થ :** ત્યાર પછી જિનમંદિરમાં જઈને શક્રસ્તવ આદિ સ્તોત્રો વડે સ્તવના કરીને, જિનેશ્વરની પૂજા કરીને પચ્ચક્ખાણ કરવું જોઈએ. મંદિરને પ્રદક્ષિણા આપીને ઉપાશ્રયે જઈને, દેવની જેમ હર્ષથી બુદ્ધિમાન પુરુષે **સાધુનું નમન-પૂજન કરવા જોઈએ.**

**'ચતુર્માસી વ્યાખ્યાન'**[૬] ગ્રંથમાં આ. વિજય**લક્ષ્મીસૂરિજી** દ્વારા ચાતુર્માસમાં કરવા યોગ્ય વિશેષ-અભિગ્રહોનું વર્ણન કરતા, **ગુરુની અંગપૂજા આદિ કરવા પૂર્વક વ્યાખ્યાન શ્રવણ** કરવાનો ઉલ્લેખ નીચે મુજબ કરાયો છે :

अङ्गपूजन-प्रभावना-स्वस्तिकरचनादिपूर्वकं व्याख्यानश्रवणं ।

**અર્થ : (ગુરુનું) અંગપૂજન**, પ્રભાવના, સાથિયા આદિ કરીને વ્યાખ્યાન સાંભળવું.

આ જ વિધાન પૂ. ઉપાધ્યાય **શ્રી માનવિજયગણિ** રચિત અને **શ્રી યશોવિજય મહોપાધ્યાય** સંશોધિત **'ધર્મસંગ્રહ'**[૭] ના પૂર્વાર્ધમાં પણ જણાવાયું છે.

**શ્રી હરિભદ્રસૂરિજી** કૃત **'પંચાશક ગ્રંથ'**[૮] માં **ગુરુપૂજનનું** વિધાન કરતી ગાથા નીચે મુજબ છે :

---

૬. **પૂ.આ. વિજયસાગરાનંદ સૂરિજી**મ.ના શિષ્ય **મુ. શ્રીમાનસાગરજી** સંકલિત આ ગ્રંથનુ પૃષ્ઠ-૬ જુઓ, પ્રસિદ્ધ કર્તા : જૈનાનંદ પુસ્તકાલય, ગોપીપુરા, સુરત.

૭. જુઓ પૃષ્ઠ-૨૪૦/૧, સંશોધક : **પં. શ્રી આનંદસાગરજી** મહારાજ (પૂ. સાગરજી મહા.) – પ્રકાશક : શ્રી દેવચંદ લાલભાઈ

૮. સાતમા પંચાશકજીની પાંચમી ગાથા, પૃષ્ઠ-૨૦૯ જુઓ.

***गुरुपूयाकरणरई*** **सुस्सूसाई गुण-संगओ चेव ।**
**णायाऽहिगयविहाणस्स घणियमाणप्पहाणो य ।।५।।**

**અર્થ : ગુરુપૂજા કરવામાં રુચિવાળો, શુશ્રૂષા આદિ ગુણોથી યુક્ત, પ્રસ્તુત વિધાન (જિનમંદિર કરવાનું)નો જ્ઞાતા અને અત્યંત આજ્ઞા-પરતંત્ર (જિનમંદિર કરાવવાનો અધિકારી છે.)**

સાતમા પંચાશકની ઉપરોક્ત ગાથામાં જિનમંદિર બંધાવવાનો અધિકારી કોણ ? અને એનામાં કયા-કયા ગુણોની આવશ્યકતા હોવી ઘટે ? એનું વર્ણન વિગતવાર કરવામાં આવ્યું છે. એમાંના એક ગુણ તરીકે **'गुरुपूयाकरणई' ગુરુપૂજા કરવામાં રુચિ** પણ ગણાવવામાં આવી છે. આ ગાથા અને એની પૂર્વેની ચોથી ગાથામાં જિનભવન બનાવવાના અધિકારીમાં આવશ્યક ગુણોની સૂચિ આપતા જણાવાયું છે કે – જિનભવન બનાવવાનો અધિકાર શ્રાવકને છે. એ શ્રાવક શુભ ભાવનાથી ભરપૂર પરિવારવાળો, ધનિક, સુકુલોત્પન્ન, ઉદાર, કરુણાળુ, ધીરજવાળો, બુદ્ધિવાળો, ધર્મરાગી, **ગુરુપૂજામાં રતિવાળો,** શુશ્રૂષાદિ ગુણોથી યુક્ત, જિનભવન બનાવવાની વિધિનો જ્ઞાતા અને અત્યંત આજ્ઞા પરતંત્ર હોવો જોઈએ.

જિનમંદિર બંધાવનારની યોગ્યતાના માપક અનેક ગુણોમાં 'ગુરુ પૂજારતિ' નામના એક ગુણનો ય સમાવેશ કરવામાં આવ્યો છે. એથી ખ્યાલ આવી શકે એમ છે કે – **'ગુરુપૂજા'** કેટલી મહત્ત્વની અને આવકારદાયક ચીજ છે !

**પ્રતિષ્ઠા કલ્પ**[૯]**ની** હસ્તલિખિત પ્રતમાં વાચકશ્રી સકલચંદ્રગણિએ નીચેના મંત્ર દ્વારા ગુરુનું પૂજન કરવાનું જણાવ્યું છે.

**ॐ ह्रीं नमो अरिहंताणं ॐ ह्रीं अर्हं सः नमो हंसः नमो हंसः गुरुपादुकाभ्यां नमः ।**

---

૯. પૃષ્ઠ-૨૫/૧ જુઓ. રચના સમય : વિ.સં. ૧૪૨૭, પ્રત લેખન સ્થળ : સુરત

* આ જ વાત **કલ્યાણકલિકા**[10]માં પણ બતાવેલી છે.

* આ જ વાત **પ્રતિષ્ઠા અંજનશલાકા વિધિનો ગુજરાતી અનુવાદ તથા અન્ય ઉપયોગી વિધિઓ**[11]ના પહેલા ભાગમાં પણ દર્શાવેલી છે.

આ પ્રતિષ્ઠાકલ્પની રચના કયા કયા ગ્રંથના આધારે કરી છે એનું વિવરણ આપતાં ગ્રંથકારે જણાવ્યું છે કે - શ્રી ભદ્રબાહુસ્વામીજીએ 'વિદ્યાપ્રવાહ' નામના પૂર્વમાંથી પ્રતિષ્ઠા કલ્પને ઉદ્ધૃત કર્યો. એમાંથી પછી શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજીએ ફરીથી પ્રતિષ્ઠાકલ્પને ઉદ્ધર્યો. એ શ્રી જગચ્ચંદ્રસૂરિજી કૃત પ્રતિષ્ઠા કલ્પના આધારે શ્રી હરિભદ્રસૂરિકૃત, શ્રી હેમાચાર્યકૃત, શ્રી શ્યામાચાર્યકૃત અને શ્રી ગુણરત્નાકરસૂરિ કૃત પ્રતિષ્ઠા કલ્પો સાથે ભટ્ટારક પરમગુરુદેવશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજની સમક્ષ મેળવીને આ રચના કરાઈ છે. (શ્રી વિજય દાનસૂરીશ્વરજી એટલે જગદ્‌ગુરુશ્રી હીરસૂરિજી મહારાજાના પૂજ્ય ગુરુદેવ તપાગચ્છાધિપતિશ્રી.)

શ્રી **જિનગુણપદ્યાવલી**[12] માં પ્રકાશિત પર્યુષણ પર્વની સજ્ઝાયમાં પણ આ વાતનું સમર્થન નીચે મુજબ મળે છે :

**ચિત્તે ચૈત્ય જુહારીએ રે લાલ, પૂજા સત્તર પ્રકારે રે, ભ.**
***અંગપૂજા સદ્‌ગુરુ* તણી રે લાલ, કીજીએ હર્ષ અપાર રે. ભ. પર્વ (૮)**

**પર્યુષણા પર્વ માહાત્મ્ય**[13] માં આ વાત નીચે પ્રમાણે જોઈ શકાય છે.

**'વલી *પૂજા કીજે ગુરુઅંગ*, સંવત્સરી-દિન મનને રંગ ॥૪॥**

---

૧૦. ખંડ-૨, પૃષ્ઠ-૯૧ જુઓ. કલ્યાણકલિકા દ્વિતીય ભાગ, નવ્યપ્રતિષ્ઠા પદ્ધતિ.

૧૧. સંયોજક-પ્રકાશક : શાહ સોમચંદભાઈ હરગોવિંદદાસ વિ.સં. ૨૦૧૨માં પ્રકાશિત પ્રથમાવૃત્તિ જુઓ.

૧૨. પૃષ્ઠ-૨૬૭ જુઓ. પ્રકાશક : જૈન શ્રેયસ્કર મંડળ, મહેસાણા

૧૩. **શ્રી ભાવલબ્ધિસૂરિ** રચિત આ ગ્રંથનું પૃષ્ઠ-૧૪૦ જુઓ.

આમ, આ બધા સંસ્કૃત પાઠો, વિધિવિધાનના ગ્રંથો તેમ જ ગૂર્જર કૃતિઓના અવલોકનથી ***'ગુરુની અંગપૂજા'*** અંગે સારામાં સારી શાસ્ત્રીય માહિતી મળી જાય છે.

જગદ્‌ગુરુ **શ્રી હીરસૂરિજી** મહારાજની પાટ-પરંપરામાં આવેલા **શ્રી કીર્તિવિજયજી ગણિએ 'હીરપ્રશ્નોત્તરાણિ'**[૧૪] નામનો પ્રશ્નોત્તર ગ્રંથ સંકલિત કરેલો છે. જે સંઘમાન્ય હોવાથી એની સાક્ષીઓ ઠેર-ઠેર આપવામાં આવે છે. આમાં એક પ્રશ્ન એવો કરવામાં આવ્યો છે કે – નાણાંથી ગુરુપૂજા કરવાનું ક્યાં કહ્યું છે. આ પ્રશ્ન ને એનો જવાબ નીચે મુજબ છે :

**प्रश्न-३** ***नाणकपूजा गुरोः क्वास्ति ?***

**उत्तरम् –अत्र कुमारपालेन राज्ञा *श्रीहेमाचार्याणां पूजा सुवर्णकमलैः प्रत्यहं क्रियते* स्म इति कुमारपालप्रबन्धादौ प्रोक्तमस्ति, *तदनुसारेण नाणकपूजाऽपि साम्प्रतं क्रियमाणा दृश्यते...***

**અર્થ : પ્રશ્ન-૩ નાણાંથી ગુરુની પૂજા ક્યાં કહી છે ?**

**ઉત્તર : કુમારપાળ રાજા શ્રી હેમાચાર્યની સુવર્ણકમળથી હંમેશાં પૂજા કરતા હતા, આ પ્રમાણે કુમારપાળ પ્રબંધ વિગેરેમાં કહ્યું છે. તેને અનુસરીને વર્તમાન સમયે પણ ગુરુની નાણાંથી પૂજા કરાતી જોવાય છે.....**

આ જ ગ્રંથમાં ગુરુપૂજામાં મૂકાયેલું સુવર્ણાદિ દ્રવ્ય 'ગુરુદ્રવ્ય' કહેવાય કે નહિ ? પૂર્વે આ પ્રમાણેની પૂજા થતી હતી કે નહિ? અને થતી હોય તો એ દ્રવ્યનો ઉપયોગ ક્યાં થાય ? આ મુજબના ત્રણ પ્રશ્નો નીચે મુજબ રજૂ થાય છે :

**प्रश्न : १० गुरुपूजासत्कं सुवर्णादिद्रव्यं गुरुद्रव्यमुच्यते नवा ?**

**११ तथा प्रागेवं पूजाविधानमस्ति नवा ।**

**१२ कुत्र चैतदुपयोगीति प्रसाद्यम् ।।**

---

૧૪. હીર પ્રશ્નોત્તરાણિ, ત્રીજો પ્રકાશ, – પ્રશ્ન નં. ૩-૧૦-૧૧-૧૨ના જવાબો જુઓ. પ્રકાશક : ચંદુલાલ જમનાદાસ, છાણી-ગુજરાત,

उत्तरम् : गुरुपूजासत्कं सुवर्णादिद्रव्यं गुरुद्रव्यमुच्यते नवा ? तथा प्रागेवं पूजाविधानमस्ति नवा ? तथा कुत्र चैतदुपयोगीत्यत्र गुरुपूजासत्कं सुवर्णादि गुरुद्रव्यं न भवति,स्वनिश्रायामतकृत्वात्, स्वनिश्राकृतं च रजोहरणाद्यं गुरुद्रव्यमुच्यते इति ज्ञायते ।। तथा हेमाचार्याणां कुमारपालराजेन सुवर्णकमलैः पूजा कृताऽस्ति, एतदक्षराणि कुमारपालप्रबन्धे सन्ति ।। तथा – 'धर्मलाभ' इति प्रोक्ते, दुरादुच्छ्रितपाणये । सूरये सिद्धसेनाय, ददौ कोटिं नराधिपः ।। इदञ्चाङ्गपूजारूपं द्रव्यं तदानीन्तनसङ्घेन जीर्णोद्धारे व्यापारितमिति तत्प्रबन्धादौ श्रूयतेऽत्रार्थे बहुवक्तव्यमस्ति, कियल्लिख्यते इति प्रश्नत्रयप्रतिवचनानि ।। १०-११-१२ ।।

**અર્થ :પ્રશ્ન : ૧૦** ગુરુપૂજા સંબંધી સુવર્ણ વિગેરે દ્રવ્ય ગુરુદ્રવ્ય કહેવાય કે નહિ ?

**પ્રશ્ન : ૧૧** તથા પૂર્વે આ પ્રમાણે ગુરુપૂજનનું વિધાન હતું કે નહિ ?

**પ્રશ્ન : ૧૨** તેમજ તે દ્રવ્યનો ઉપયોગ ક્યાં કરાય ? આ જણાવવા કૃપા કરશો.

**ઉત્તર :** ગુરુપૂજન સંબંધી સુવર્ણ વગેરે સ્વનિશ્રાનું નહિ હોવાથી ગુરુદ્રવ્ય ન કહેવાય. પરંતુ જે રજોહરણાદિ વસ્તુઓ ગુરુઓએ સ્વાધીન કરી હોય તે વસ્તુઓ ગુરુદ્રવ્ય કહેવાય, એમ જણાય છે. તથા **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીની કુમારપાલભૂપાલે સુવર્ણકમલોથી પૂજા કરી છે.** એવા અક્ષરો કુમારપાલ પ્રબંધમાં છે. તેમજ 'ધર્મલાભ' તને ધર્મનો લાભ થાઓ, આ પ્રમાણે જ્યારે કહ્યું, ત્યારે દૂરથી જેઓએ હાથ ઉંચા કર્યા છે, એવા શ્રી સિદ્ધસેનસૂરિને વિક્રમરાજાએ કોટિ દ્રવ્ય આપ્યું. આ **અગ્રપૂજારૂપ દ્રવ્યનો તે વખતે જીર્ણોદ્ધારમાં ઉપયોગ કર્યો હતો,** એમ તેમના પ્રબંધ વગેરેમાં સંભળાય છે. આ વિષયમાં ઘણું કહેવા યોગ્ય છે, કેટલું લખીએ ? તમે પૂછેલા ત્રણ પ્રશ્નોના આ પ્રમાણે ઉત્તરો છે.

હીરપ્રશ્નમાંના આ ત્રણ પ્રશ્નોત્તરો વાંચતાં સહેજે ખ્યાલ આવી જાય છે કે – **ગુરુનું પૂજન સુવર્ણાદિ દ્રવ્યોથી થઈ શકે છે.** આ ગુરુ સંબંધી દ્રવ્ય 'ગુરુદ્રવ્ય' ન કહેવાય. એમ અહીં કહ્યું છે – એનો અર્થ તો એ જ સમજવાનો છે કે – એ દ્રવ્ય રજોહરણ આદિની જેમ ગુરુના ઉપભોગમાં લેવાય નહિ. આ દૃષ્ટિને ખ્યાલમાં રાખીને એ દ્રવ્યનો 'ગુરુદ્રવ્ય' તરીકે નિષેધ કર્યો છે અને માટે જ આજે પણ ગુરુપૂજાનું આવું દ્રવ્ય 'દેવદ્રવ્ય'ની

જેમ જિનમંદિરના જીર્ણોદ્ધાર આદિ દેવસંબંધી કાર્યોમાં જ વપરાય છે.

ગુરુની આગળ મૂકાયેલું દ્રવ્ય બે વિભાગમાં વહેંચી શકાય છે : એક ભોગાર્હ અને બીજું પૂજાર્હ ! ભોગાર્હ દ્રવ્ય ગુરુના ઉપયોગમાં આવી શકે. પૂજાર્હ દ્રવ્યનો ગુરુથી ઉપયોગ ન થાય. આ વાત **ધર્મસંગ્રહ**[૧૫] પૂર્વાર્ધમાં નીચે મુજબ સ્પષ્ટ કરાઈ છે.

**एवं च गुरुद्रव्यं भोगार्ह-पूजार्हभेदाभ्यां द्विविधं, तत्राद्यं वस्त्रपात्राशनादि, द्वितीयं च तन्निश्राकृतं सौवर्णमुद्रादीति पर्यवसन्नं ।**

**અર્થ : આ પ્રમાણે ભોગાર્હ-પૂજાર્હના ભેદથી ગુરુદ્રવ્ય બે પ્રકારનું છે. ભોગાર્હ દ્રવ્ય વસ્ત્ર-અશન-પાન આદિ છે. પૂજાર્હ દ્રવ્ય એમની આગળ મૂકેલું સુવર્ણમુદ્રાદિ છે, એમ જાણવું.**

વાચક પ્રવર **શ્રી લાવણ્યવિજયજી** ગણિએ **'દ્રવ્યસપ્તતિકા'**[૧૬] ગ્રંથની રચના કરીને, એમાં દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય આદિ દ્રવ્યોની વ્યાખ્યા અને એનો ઉપયોગ ક્યાં ક્યાં થઈ શકે ? એની વિસ્તૃત અને વિગતવાર સમજણ આપી છે. પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસે એનો ગુર્જરાનુવાદ કર્યો છે. ગુરુદ્રવ્યના અને ગુરુપૂજનના પ્રશ્ન અંગે, આપણે જોઈ ગયા, એ જ 'હીરપ્રશ્ન'ના આધારે એમાં વિસ્તૃત-વિચારણા કરવામાં આવી છે.

**तथा, स्वर्णाऽऽदिकं तु गुरुद्रव्यम् जीर्णोद्धारे नव्यचैत्यकरणाऽऽदौ च व्यापार्यम्, तद्यथा –**

---

૧૫. ધર્મસંગ્રહ પૂર્વાર્ધ, પૃષ્ઠ-૧૬૮/૧. જુઓ – પ્રકાશક : દેવચંદ લાલભાઈ, સંશો. **પં. શ્રી આનંદસાગરજી મ.** (પૂ. સાગરજી મહારાજ)

૧૬. આ ગ્રંથના ૩૯ થી આગળનાં પૃષ્ઠ. જુઓ. **પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ** દ્વારા ભાષાંતરિત, પ્રકાશક : શ્રી જૈન શ્વેતાંબર સંઘની પેઢી, પીપલી બજાર, ઈન્દોર (મ.પ્ર.) – સંપાદક : **પૂ.મુ. શ્રી નિરુપમસાગરજી (સાગરજી મ.ના સમુદાયના)**

"(१) गुरुपूजासत्कं सुवर्णाऽऽदिद्रव्यं गुरुद्रव्यमुच्यते ? न वा ?" तथा –

"(२) प्रागेवम् – पूजाविधानमऽस्ति ? न वा ?"

"(३) कुत्र चैतदुपयोगि ?" इति । उच्यते –

"गुरुपूजासत्कं सुवर्णाऽऽदि रजोहरणाऽऽद्युपकरणवद् गुरुद्रव्यं न भवति, स्वनिश्रायामऽकृतत्त्वात् ।" तथा, "हेमाऽऽचार्याणां कुमारपालराजेन सुवर्ण १०८ (अष्टोत्तरशतः) कमलैः पूजा कृताऽस्ति । तथा,

"धर्मलाभ" इति प्रोक्ते दूरादुच्छ्रितपाणये ।

सूरये सिद्धसेनाय ददौ कोटिं नराऽधिपः ।।१।। इति ।

"इदं च अग्रपूजारूपं द्रव्यं तदानीन्तनेन सङ्घेन जीर्णोद्धारे तदाऽऽज्ञया व्यापारितम् ।" अत्राऽपि –

"तक्रकौण्डिन्यन्यायेन भोज्यभोजकत्वसम्बन्धेन औधिकोपधिवत्, पूजाद्रव्यं न भवति । पूज्यपूजासम्बन्धेन तु तद् गुरुद्रव्यं भवत्येव । अन्यथा श्राद्धजीत-कल्पवृत्तिर्विघटते । किं बहुना ? । इति ।

तथा, जीवदेवसूरीणां पूजाऽर्थं, अर्धलक्षद्रव्यं मल्लश्रेष्ठिना दत्तं,

तेन च प्रासादाऽदयोऽकार्यन्त सूरिभिः । तथा, धारायां लघुभोजेन श्रीशान्ति-वेतालसूरये १२,६०,००० – (द्वादशलक्षषष्टिसहस्त्राणि) द्रव्यं दत्तम् । तन्मध्ये गुरुणा च १२ (द्वादश) लक्षधनेन मालवाऽन्तश्चैत्यान्यऽकार्यन्त । ६० षष्ठि सहस्त्रद्रव्येण च थिरापद्रचैत्यदेवकुलिकाऽऽद्यऽपि । इति ।

इह विस्तरस्तु तत् प्रबन्धाऽऽदे बोध्यः । तथा, "सुमतिसाधुसूरिवारके मण्डपाऽऽ-चलदुर्गे मल्लिकश्रीमाफराऽभिधानेन श्राद्धाऽऽदिसंसर्गाज्जैनधर्माऽभिमुखेन सुवर्णटङ्कैः गीताऽर्थानां पूजा कृता" इति वृद्धवादोऽपि श्रूयते । इति ।

**અર્થ :** પરંતુ, જો સોનું વગેરે ગુરુદ્રવ્ય હોય, તો તેનો વપરાશ જિનમંદિર વગેરેના જીર્ણોદ્ધાર અને નવા દેરાસર કરાવવા વગેરેમાં કરવો જોઈએ.

તેની સ્પષ્ટ સમજ આ પ્રમાણે છે –

"(૧) ગુરુપૂજા સંબંધી સોનું વગેરે દ્રવ્ય ગુરુદ્રવ્ય કહેવાય ? કે નહિ ?"

"(૨) પૂર્વકાળમાં આ પ્રકારે (ગુરુની) પૂજા કરવાનું વિધાન છે ? કે નથી ?"

"(૩) અને એ દ્રવ્યનો ઉપયોગ ક્યાં થાય ?"

જવાબ –

'ગુરુપૂજાનું સોનું વગેરે દ્રવ્ય (ઔપગ્રહિક) રજોહરણાદિક ઉપકરણ જેમ ગુરુદ્રવ્ય થતું નથી. કેમ કે (ગુરુએ) તેને પોતાની નિશ્રાનું કરેલું હોતું નથી."

**શ્રી કુમારપાળ મહારાજાએ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજની ૧૦૮ સોનાના કમળથી પૂજા કરી હતી. તેમ જ –**

"દૂરથી હાથ ઊંચો કરીને "ધર્મ-લાભ" એમ આશીર્વાદ આપનાર શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજને (વિક્રમ) રાજાએ એક કરોડ આપ્યા હતા."

"અગ્રપૂજા રૂપ આ દ્રવ્ય તેઓની આજ્ઞાથી તે વખતના શ્રી સંઘે જીર્ણોદ્ધારમાં વાપર્યું હતું."

અહીં વિચારવા જેવું એ છે કે –

તક્રકૌંડિન્ય ન્યાયથી – ભોજ્ય-ભોજકપણાના સંબંધે કરીને – ભોગવવા યોગ્ય-વાપરવા યોગ્ય અને વાપરનારના સંબંધે કરીને – ઔધિક ઉપધિની પેઠે (સુવર્ણાદિક પૂજાદ્રવ્ય) ગુરુદ્રવ્ય બની શકતું નથી.

(મુનિ મહાત્માઓની ઉપધિ બે પ્રકારની હોય છે. મુહપત્તિ-રજોહરણ વગેરે ઔધિક ઉપધિ કહેવાય છે અને બીજાં કેટલાંક સાધનો કારણે રાખવાં પડે, તે ઔપગ્રહિક સહાયક-ઉપધિ કહેવાય છે. તેમાં ઔધિક મુખ્ય છે. ઔધિક ઉપધિ ભોજ્ય ભોજક સંબંધે ગુરુદ્રવ્ય છે. તેવા સંબંધથી સુવર્ણાદિક પૂજાદ્રવ્ય ગુરુદ્રવ્ય બની શકતું નથી.)

પરંતુ પૂજ્યની પૂજાના સંબંધે તે (સુવર્ણાદિક) ગુરુદ્રવ્ય થાય જ છે.

જો તેમ સમજવામાં ન આવે તો શ્રાદ્ધજિતકલ્પની વૃત્તિ સાથે વિરોધ આવે છે.

શ્રી જીવદેવસૂરિજીની પૂજા માટે મલ્લ શેઠે અડધો લાખ દ્રવ્ય આપ્યું હતું, તેથી શ્રી આચાર્ય મહારાજાએ જિનમંદિર વગેરે કરાવરાવ્યાં હતાં.

**ધારા નગરીમાં લઘુભોજ રાજાએ વાદીવેતાળ શ્રી શાંતિસૂરિ મહારાજને બાર લાખ, સાઠ હજાર દ્રવ્ય આપ્યું હતું. તેમાંથી ગુરુ મહારાજાએ બાર લાખના ખર્ચે માળવા દેશમાં દેરાસરો કરાવરાવ્યાં હતાં અને સાઠ હજાર દ્રવ્યના ખર્ચે થરાદમાં દેરાસર અને દેરીઓ વગેરે કરાવરાવ્યાં હતાં.** અહીંયાં આ વિશે વિસ્તારથી સમજવા માટે તે તે પ્રબંધોમાંથી જાણી લેવું.

તથા, વૃદ્ધ પુરુષોની વાત સંભળાય છે કે – "શ્રી સુમતિસાધુ મહારાજશ્રીના સમયે માંડવગઢમાં શ્રાવકોના પરિચયથી જૈન ધર્મ તરફ આદર રાખનારા શ્રી

**માફર નામના મલ્લિક બાદશાહે સોનાના ટંકો (સિક્કા)થી ગીતાર્થ ગુરુઓની પૂજા કરી હતી."**

ત્યાર બાદ એ કાળની પ્રણાલિ મુજબ પહેલાં ગૃહસ્થ ગુરુ પાસે, **બાળકનું નામ પાડીને, પછી તેમાં ગુરુમહારાજની આજ્ઞારૂપ સંમતિ લેતી વખતે સોના-રૂપાના નવ-સિક્કાથી થતી ગુરુમહારાજની '*નવાંગીપૂજા*'નો ઉલ્લેખ થયો છે.**

**तथा, बालस्य नामस्थापनाऽवसरे, गृहादाऽऽगत्य, सबालः श्राद्धः वसतिगतान् गुरून् प्रणम्य, नवभिः स्वर्णरूप्यमुद्राभिर्गुरोर्नवाऽङ्गपूजां कृत्वा, गृह्यगुरुदेवसाक्षिकं दत्तं नाम निवेदयति । ततः उचितमन्त्रेण वासमऽभिमन्त्र्य, गुरुः ॐ काराऽऽदिन्यास पूर्वं, बालस्य स्वसाक्षिकां नाम स्थापनामऽनुज्ञापयति । इति ।**

બાળકનાં નામ પાડવાને વખતે બાળક સહિત શ્રાવક ઘેરથી આવીને ઉપાશ્રયમાં રહેલા ગુરુ મહારાજને વંદના કરીને, **સોના કે રૂપાના નવ સિક્કાથી ગુરુ મહારાજની નવ અંગે પૂજા કરીને,** ઘરના (ગૃહસ્થ) ગુરુ અને દેવની સાક્ષીએ જે નામ પાડ્યું હોય, તે (ગુરુ મહારાજને) નિવેદન કરે છે, પછી ગુરુ મહારાજ ઉચિત મંત્રે વાસક્ષેપ મંત્રીને ૐકાર વગેરેના ન્યાસ (સ્થાપના)પૂર્વક પોતાની સાક્ષીપૂર્વકની બાળકના નામની સ્થાપના પોતાની આજ્ઞાપૂર્વકની બનાવે છે.

**तथा, "द्विः त्रिर्वा अष्टभेदाऽऽदिका पूजा, संपूर्ण देववन्दनं चैत्येऽपि, सर्व चैत्यानाम् अर्चनं वन्दनं वा, स्नात्रमहोत्सवमहापूजा प्रभावनाऽऽदि, गुरोर्बृहद् वन्दनम्, *अङ्गपूजा*-प्रभावनास्वस्तिकरचनाऽऽदिपूर्वम् व्याख्यानश्रवणम्," इत्याऽऽदि नियमाः वर्षाचातुर्मास्यां विशेषतो ग्राह्याः । इति ।"**

તથા "બે વાર, અથવા ત્રણ વાર, તથા આઠ પ્રકાર વગેરે પ્રકારે પૂજા કરવી,

દેરાસરમાં સંપૂર્ણ દેવવંદન કરવું,

સર્વ દેરાસરોમાં પૂજા કરવી અને વંદન કરવું,

સ્નાત્ર મહોત્સવ કરવો, મહાપૂજા રચાવવી, પ્રભાવના વગેરે કરવી. ગુરુ મહારાજને મોટુ વંદન, **ગુરુ મહારાજાની અંગપૂજા**, પ્રભાવના, તેમની આગળ સ્વસ્તિકની રચના, તેમનું વ્યાખ્યાન સાંભળવું."

ઇત્યાદિ નિયમો ખાસ કરીને વર્ષા ચાતુર્માસમાં ગ્રહણ કરવા જોઈએ.

ત્યાર બાદ શ્રાવક માટેના ખાસ ચોમાસી નિયમોનું વિધાન થયું છે. તેમાં આચાર દિનકરના પૂર્વે બતાવેલ પાઠ મુજબ જ ગુરુની અંગપૂજા-અગ્રપૂજાદિનું વર્ણન કર્યું છે. પછી ગુરુપૂજાની સિદ્ધિ દર્શાવવા એમાં કહ્યું છે કે –

"गुरु-पूजासिद्धिः' -- **एवं प्रश्नोत्तरसमुच्चय-आचारप्रदीप-आचार-दिनकर-श्राद्धविध्याद्यनुसारेण** ***श्रीजिनस्येव गुरोरपि अङ्गाऽग्रपूजा सिद्धा ।***

"गुरु-पूजा-धन-विनियोग-व्यवस्थाः' -- **तद्धनं च गौरवार्हस्थाने पूजासम्बन्धेन प्रयोक्तव्यं, न तु जिनाङ्गपूजायामिति ।**

**અર્થ : ...પ્રશ્નોત્તર સમુચ્ચય, આચારપ્રદીપ, આચાર દિનકર અને શ્રાદ્ધવિધિ વિગેરે ગ્રંથોને અનુસારે શ્રી જિનેશ્વર ભગવાનની અંગ અને અગ્રપૂજાની પેઠે, શ્રી ગુરુ મહારાજની પણ અંગ પૂજા અને અગ્ર પૂજા સિદ્ધ થાય છે અને તે (ગુરુ મહારાજની અંગ અને અગ્રપૂજાના દ્રવ્યનો ઉપયોગ પૂજા સંબંધે કરીને ગૌરવયોગ્ય ઊંચા સ્થાનમાં કરવો. પરંતુ જિનેશ્વર ભગવંતની અંગપૂજામાં ન કરવો.**

શ્રી દ્રવ્યસપ્તતિકાના આ પાઠને પ્રમાણ ગણીને જ, પૂ.આ. **શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી** મહારાજની પ્રેરણાથી સ્થાપિત 'શ્રી સીમંધર સ્વામી જિનમંદિર ખાતુ-મહેસાણા' આ સંસ્થા દ્વારા પ્રકાશિત **'સ્વપ્નદ્રવ્યવિચાર'**[૧૭] નામની પુસ્તિકામાં જણાવવામાં આવ્યું છે કે -

**'ગુરુદ્રવ્ય' પાંચ મહાવ્રતધારી, સંયમી, ત્યાગી મહાપુરુષોની સામે ગહુંલી કરી હોય કે, ગુરુની નાણાંથી પૂજા, ગુરુપૂજાની બોલીના પૈસા જીર્ણોદ્ધારમાં ખર્ચવા જોઈએ. એવું 'દ્રવ્યસપ્તતિકા'માં સ્પષ્ટ જણાવ્યું છે. દેવદ્રવ્ય, જિર્ણોદ્ધાર ખાતામાં આ પૈસા જાય તે સંગત છે.**

---

૧૭. વીર સં. ૨૪૯૭, વિ.સં. ૨૦૨૭માં શ્રી સીમંધર સ્વામિ જિનમંદિર ખાતુ, મહેસાણા દ્વારા પ્રકાશિત : 'સ્વપ્નદ્રવ્ય વિચાર'માં ૮ નંબરનું 'ગુરુદ્રવ્ય' વિભાગવાળું લખાણ જુઓ.

ભરત ચક્રવર્તીએ ગુરુચરણની ચંદન-પૂજા કર્યાનો ઉલ્લેખ **શ્રી ધનેશ્વરસૂરિ** વિરચિત **શત્રુંજય માહાત્મ્ય**[૧૮] માં નીચે મુજબ છે.

**ततः कृतोत्तरासङ्गो गुरोरभ्यर्णमेत्य च ।**

**चक्री प्रदक्षिणां दत्वा, तत्पादवप्यपूजयत् ।।६७।।**

**चन्दनेनार्चयच्चक्रवर्त्ती च चरणौ गुरोः ।**

**અર્થ : ત્યાર પછી ઉત્તરાસન કરીને, ગુરુની નજીક જઈને પ્રદક્ષિણા દઈને ચક્રવર્તીએ (ભરતે) તેમની પાદપૂજા કરી અને ચંદન વડે ગુરુના ચરણની ચક્રવર્તીએ અર્ચા કરી.**

**પં. શ્રી હંસરત્નસૂરિ** વિરચિત ગદ્ય **'શત્રુંજય માહાત્મ્ય'**[૧૯] માં પણ આ વાત નીચેના શબ્દોમાં વર્ણવી છે.

**...चक्री गुरुं प्रदक्षिणीकृत्य चन्दनेन कृत्वा गुरोः पादौ अपूजयत् ।**

**અર્થ :** ગુરુને પ્રદક્ષિણા દઈને, **ચક્રવર્તીએ એમના ચરણની ચંદનથી પૂજા કરી.**

**શ્રી મેઘ વિજયગણિ** રચિત **'ભવિષ્યદત્ત ચરિત્ર'**[૨૦] માં જ શ્રી વિમલબુદ્ધિ ઋષિના અંગનું પૂજન ચંદનાગુરુ, કસ્તુરી, કપૂર, કેશર આદિથી તેમજ સુવર્ણ-મણિ મુક્તાથી થયાનો ઉલ્લેખ નીચે મુજબ આવે છે :

**चन्दनागुरुकस्तुरी, कर्पूरकुङ्कुमद्रवैः ।**

**सौवर्णमणिमुक्ताद्यै-*रङ्गपूजाऽस्य* निर्ममे ।।८०।।**

**અર્થ : ચંદન, અગુરુ, કસ્તુરી, કપૂર, કેશર આદિથી તેમજ સુવર્ણ-મણિ-મોતી આદિથી એમની (વિમલબુદ્ધિ ઋષિની) અંગપૂજા કરાઈ.**

---

૧૮. સર્ગ-૫, પૃષ્ઠ-૯૩/૧ જુઓ.

૧૯. ૧૭૮૨ની સાલમાં રચિત, ૧૯૭૨માં પ્રકાશિત ગદ્ય શત્રુંજય માહાત્મ્ય જુઓ.

૨૦. અધિકાર-૧૭મો, પૃષ્ઠ-૧૩૩ જુઓ.

**'સૂરીશ્વર અને સમ્રાટ'**[21] પુસ્તકમાં જગદ્‌ગુરુની **સુવર્ણપૂજા** અંગે નીચે પ્રમાણેના ઉલ્લેખો નોંધનીય છે.

**૬ હજાર સોનામહોરોથી લોકોએ સૂરિજીની પૂજા કરી. (પૃષ્ઠ-૨૬૫)**

**પાટણના સંઘવી કંડુશેઠે પણ બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું, તેમની સાથે બીજા ત્રેપન પુરુષોએ તે જ વ્રત ધારણ કર્યું. આ વખતે હીરવિજયસૂરિની પૂજા કરવામાં અગિયાર હજાર ભરૂઅચીની (એ વખતે પ્રચલિત નાણું) ઉપજ થયાનું ઋષભદાસ કવિ લખે છે. (પૃ. ૨૭૫)**

પૂર્વાચાર્યો રચિત ગ્રંથોના આધારે, હિન્દીમાં 'શ્રી કુમારપાલ ચરિત્ર'[22] **શ્રીમદ્‌ વલ્લભવિજયજી** (પછીથી આચાર્ય)ના શિષ્ય **મુનિશ્રી લલિતવિજયજી** (પછીથી આચાર્ય), એ લખ્યું છે. એમાં ગુરુચરણની સુવર્ણકમળો દ્વારા થયેલી પૂજાનો પ્રસંગ નીચે મુજબ વર્ણવાયો છે -

**एक दिन सूरिजी महाराज देशना देते थे उस वक्त वहाँ आये हुए परदेशी श्रावकों को *सुवर्ण के फूलों से गुरु-चरणों की पूजा करते हुए देख* राजाने पूछा तुम कौन हो? ओर कहाँ से आये हो ? वोह बोले हम परदेशी श्रावक हैं, पूर्वकाल में श्री महावीर स्वामी के उपदेश से श्रेणिक जो कुछ कर न सका सो जीवदया रूप पुण्यकार्य जिसके उपदेश से करने को आप भाग्यशाली हुए हैं उस गुरु महाराज के चरणरज से आत्मा को और दर्शन से नेत्रों को पवित्र करने के लिए यहां आये है, इस बात को सुनकर राजाने प्रसन्नतापूर्वक उन स्वधर्मीजनों की सेवा की और अभिग्रह किया की *मैंने भी गुरु महाराज की पूजा स्वर्णकमलों से करनी* ।**

---

૨૧. લેખક : **પૂ.મુ. શ્રી વિદ્યાવિજયજી** મ. પ્રકાશક : શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, ભાવનગર. વિ.સં. ૧૯૭૬.

૨૨. પૃષ્ઠ-૧૭૪ જુઓ, પ્રકાશક – શ્રી આત્માનંદ જૈન સભા, ભાવનગર

**હીરપ્રશ્નાનુવાદ**[૨૩] ગ્રંથમાં ગુરુપૂજન શાસ્ત્રોક્ત છે તેમજ તેનું દ્રવ્ય દેવદ્રવ્યમાં જાય. તે દ્રવ્ય સાધુઓના ઉપભોગમાં ન વાપરી શકાય. એવું સ્પષ્ટ સંસ્કૃત પાઠો સાથે લખેલું છે. આ ગ્રંથ કર્મસાહિત્ય સુનિપુણમતિગચ્છાધિપતિ પૂ.આ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે જાતે તપાસી-સુધારી આપેલો છે.** ત્યારબાદ જ છપાયો છે. એવો એમાં ખુલાસો અનુવાદકે મૂકેલો છે. તેથી તેની પ્રામાણિકતા નિઃસંદેહ છે.

હવે આપણે આચાર્ય ભગવંતો, ગુરુ ભગવંતોની રૂપા-નાણા વગેરેથી પૂજા થઈ શકે છે એ અંગેના થોડાક વધુ પાઠો ઉપર દૃષ્ટિક્ષેપ કરશું, જેથી શાસ્ત્રીય એ અનુષ્ઠાનને વિધિ ગ્રંથો, ચરિત્ર ગ્રંથો અને ઈતિહાસનો પણ પ્રામાણિક ટેકો મળે.

"ગંધાર બંદર પહેલેથી જ જૈન વસ્તીથી ભરપૂર હતું. આભુ પોરવાડના વંશજ વ્ય. પરબત અને વ્ય. કાનજીએ સંડેરથી આવી ગંધારમાં મોટી જિન પ્રતિષ્ઠા કરાવી હતી. અંચલગચ્છના આ. જયાનંદસૂરિ તથા આ. વિવેકસૂરિ પાસે સમ્યક્ત્વપૂર્વક બાર વ્રત અને ચોથું બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું, ત્યારે તેમણે ત્યાંના દરેક ઉપાશ્રયમાં કલ્પસૂત્રની પ્રતિઓ આપી. દરેક ઉપાશ્રયમાં **ગુરુઓની રૂપા-નાણાથી પૂજા કરી,** જૈનોને જમાડી, વસ્ત્રોની પ્રભાવના કરી. સં. ૧૫૭૧માં જિનાગમ ગ્રંથ ભંડાર બનાવ્યો. તેમણે આ ભંડાર માટે સં. ૧૬૦૬માં જ.ગુ.આ. હીરવિજયસૂરિના શિષ્યો પાસે નિશીથ ચૂર્ણિની પ્રતિ લખાવી."

**જૈન પરંપરાનો ઈતિહાસ**[૨૪]ના આ પાઠથી **તપાગચ્છની જેમ અંચલગચ્છમાં પણ સર્વ ગુરુઓની રૂપા-નાણાથી પૂજા થતી હતી,** એ સિદ્ધ થાય છે. એ અરસામાં ગંધાર તીર્થ જૈનોના મહત્ત્વના શહેરમાં ગણાતું હતું. જ.ગુ.આ.શ્રી હીરસૂરિજી મ. ૩૦૦ સાધુઓ સાથે અત્રે ચોમાસું રહ્યા હતા.

---

૨૩. ત્રીજો પ્રકાશ, પેજ-૮૭-૮૮-૯૯ જુઓ. અનુવાદક પૂ.મુ. **શ્રી ચિદાનંદવિજયજી** (પછી આચાર્ય) – પ્રકાશક : મુક્તાબાઈ જ્ઞાનમંદિર, ડભોઈ. સં. ૧૯૯૯.

૨૪ – ભાગ-ચોથો, પેજ-૨૬૧ જુઓ. – પ્રકાશક : ગુરુ ચારિત્ર ગ્રંથમાળા. લેખક – બંધુ ત્રિપુટી. સંપાદક : **પૂ. પં. શ્રી અભયસાગરજી ગણી.**

**કુમારપાળ પ્રતિબોધ**[25] નામના ગ્રંથમાં અનેક ઠેકાણે ગુરુપૂજાની વાત આવે છે.

આ ગ્રંથ મહારાજ કુમારપાળના કાળધર્મ બાદ તરત જ બન્યો હોવાથી અને ચરિત્રકાર સોમપ્રભાચાર્યે હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યાચાર્યાદિને બતાવેલો હોવાથી પ્રામાણિક છે.

**कणयकमलेहिं गुरुणो चलणजुयं *अच्चिऊण* पणमेइ ।**

**અનેક દેશના સંઘોના ધનવાનો હેમચંદ્રસૂરિજીના દર્શનાર્થે આવે છે અને સોનાના કમળોથી ગુરુના ચરણયુગ્મને પૂજીને નમે છે.**

**गुरुहेमचंदचलणे चंदण कप्पूरकणयकमलेहिं ।**
***संपूईऊण* पणमइ पच्चक्खाणं पयासेइ ।।**

**કુમારપાળ મહારાજા ગુરુશ્રી હેમચંદ્રસૂરિજીના ચરણોમાં ચંદન-કપૂર તેમજ સોનાનાં કમળો મૂકી સારી રીતે પૂજા કરી પ્રણામ કરે છે અને પચ્ચક્ખાણ કહે છે.**

**पूएइ साहुवग्गं...**

**– સાધુ સમુદાયની પૂજા કરે છે.**

પ્રદેશી રાજા સાધુ સમુદાયની **પૂજા કરે છે.**

વિજયસેનસૂરીશ્વરજી મહારાજાની પાટે આવેલ ઉપાધ્યાયોએ સ્થાપેલ **આનંદસૂરિગચ્છ** (આણસુરગચ્છ)માં પણ **સોનૈયાં-રૂપૈયાં-નાણાંથી ગુરુપૂજા**ની પરંપરા હતી, તે નીચેના પ્રમાણથી જણાશે. આમાં આચાર્યશ્રી વિજયતિલકસૂરિજીની **પૂજા** થયાની વાત **ઐતિહાસિક રાસ સંગ્રહમાં**[26] છે.

**રાજનગરી શ્રી વિજયતિલકસૂરિ આડંબર સિઉં આવઈ,**
**ગંધરવ ગુણ ગાવઈ ગુરૂ કેરા દાન ઘણાં તે પાવઈ,**

---

૨૫ – પ્રકાશક : પૃ. ૨૧/૩૯/૧૬૮ જુઓ. **સંપાદક : જિનવિજય.**

૨૬. ભા. ૪, પૃ. ૧૦૭, અધિકાર-૧, ગાથા-૧૨૯૨.

***સોનઈયા રૂપઈયા નાણે પૂજા કરઈ મનરંગીં,***
**લખ્ય ગમે શ્રાવક ધન ખરચઈ નિજ મન કેરઈ રંગીં.**

વિજયઆનંદસૂરિજી જંબુસરમાં ચોમાસું રહ્યા હતા. તે વખતે તેમની **અંગપૂજા** થયાની વાત **ઐતિહાસિક રાસ સંગ્રહમાં**[૨૭] છે.

***અંગપૂજા લહણ પ્રભાવનાજી***, **હોઈ અસંખ્ય અપાર;**
**ભરૂઅચિ બંદરિ આવીયાજી, ઓછવના નહી પાર.**

જગદ્‌ગુરુશ્રી હીરસૂરિજી મહારાજાના પૂર્વકાળમાં પણ ગુરુપૂજા મોજૂદ હતી. **પટ્ટાવલી સમુચ્ચય**[૨૮]માં આ વાત જણાવી છે.

**...અમદાવાદના સુલતાન અહમદશાહે આ. રત્નસૂરિની ચરણપૂજા કરી હતી.**
**(સં. ૧૫૭૧ના અરસામાં)**

જૈનો જ નહિ પણ પૂજા-મૂર્તિ વગેરેને નહિ માનનારા મુસલમાન સમ્રાટો પણ જૈનાચાર્યોના જીવનથી પ્રભાવિત થઈ તેમની પૂજા કરતા હતા.

દેવી-દેવતાઓ પણ સદ્‌ગુરુઓની પૂજા કરતા હતા. એમ **પટ્ટાવલી સમુચ્ચયનો**[૨૯] એક ઉલ્લેખ જણાવે છે.

**...સં. ૧૨૨૨ ...પિપ્પલગચ્છ સ્થાપના વાદીવેતાળ શાંતિસૂરિ સંતાનીય**

---

૨૭. ભાગ-૪, પૃ. ૧૩૬, અધિકાર-૨, ગાથા-૯૫ જુઓ. સંપાદક-પૂ.મુ. **શ્રી વિદ્યાવિજયજી.**
૨૮. ભા. ૨, પૃષ્ઠ-૨૪૦, લીટી-૧૮મી જુઓ. પુરવણીકાર : પૂ. મુ. **શ્રી દર્શનવિજયજી** ત્રિપુટી. પ્રકાશક : ચારિત્ર સ્મારક ગ્રંથમાળા, પુનઃપ્રકાશક : પૂ. આ. **શ્રી ભુવનભાનુ સૂરિજી પ્રશિષ્ય** પૂ. આ. **શ્રી હેમચંદ્રસૂરિજી મ.**ના ઉપદેશથી જિનશાસન આરાધના ટ્રસ્ટ.
૨૯. ભાગ-૨, પૃષ્ઠ-૨૨૫, છેલ્લી લીટી જુઓ. પુરવણીકાર – પૂ. મુ. **શ્રી દર્શનવિજયજી** ત્રિપુટી. પ્રકાશક : ચારિત્ર સ્મારક ગ્રંથમાળા. પુનઃપ્રકાશન – પૂ. આ. **શ્રી ભુવનભાનુ સૂરિજી** પ્રશિષ્ય, પૂ.આ. **શ્રી હેમચંદ્ર સૂ.** ઉપદેશથી જિનશાસન આરાધના ટ્રસ્ટ.

**આ. શાંતિસૂરિએ કરી. આઠ શિષ્યોને આચાર્ય બનાવ્યા. ચક્રેશ્વરી દેવીએ તેમની પૂજા પ્રવર્તાવી હતી.**

(આ પિપ્પલગચ્છની સ્થાપના પિપ્પલપુર પટ્ટનમાં થઈ હતી, જે આજે **ભોરોલ તીર્થ**ના નામે વિશ્વવિખ્યાત બન્યું છે.)

આણસુરગચ્છના ગચ્છાધિપતિ વિજયાનંદસૂરિ સુરત પધારતાં તેમની અંગપૂજામાં આવેલા ગુરુદ્રવ્યની વિગત **ઐતિહાસિક રાસ સંગ્રહ**[30]માં છે.

**પંચ શત મુદ્રા *અંગપૂજાઈ* દિન આદિ,**
**એમ દિન પ્રતિ ઓચ્છવ અધિકા હોઈ આહલાદિ.**

આણસુરગચ્છના ગચ્છાધિપતિ વિજયાનંદસૂરિ અમદાવાદમાં પધારતાં ત્યાં પણ અંગપૂજા થાય છે. **એ જ ગ્રંથમાં**[31] આ ઉલ્લેખ છે.

**શ્રી ગુરુ જિહાં જિહાં પધારઈ મુદ્રાઈ લહણ વધારઈ**
**પ્રભાવના *પૂજા અંગ* એમ ઓચ્છવ અધિકા રંગ.**

**શ્રાદ્ધવિધિ**[32] ગ્રંથમાં પણ સાધુઓની પૂજા કરવાની વાત આવે છે.

**...જેમણે જિનમંદિર તથા જિનપ્રતિમા કરાવી નહિ, સાધુઓને પૂજ્યા નહિ અને દુર્ધર વ્રત પણ અંગિકાર કર્યું નહિ, તેમણે પોતાનો મનુષ્ય જન્મ નકામો ગુમાવ્યો.**

---

૩૦ – ભાગ-૪, પૃષ્ઠ-૧૩૭, ગાથા-૧૦૪ જુઓ. – સંપાદક : પૂ. મુ. **શ્રી વિદ્યાવિજયજી.**
૩૧ – ભાગ-૪, પૃષ્ઠ-૧૪૪, ગાથા-૧૬૪-૧૬૫ જુઓ.
સંપાદક : પૂ. મુ. **શ્રી વિદ્યાવિજયજી.**
૩૨. – ગુજ. ભાષાંતર, પૃષ્ઠ-૩૪૭, જન્મકૃત્ય લીટી-૧૫-૧૬મી જુઓ.
– પ્રકાશક : ભદ્રંકર પ્રકાશન, અમદાવાદ.

અકબર જેવો મુગલ બાદશાહ પણ જગદ્‌ગુરુશ્રી હીરસૂરિજીનું ગુરુપૂજન કરે છે. એવો ઉલ્લેખ **શ્રી પટ્ટાવલી સમુચ્ચય**[33]માં છે.

**ષટ્ ફુરમાંના *અકબરે, ગુરુપૂજન તિહાં કીધ,***

**બિરદ જગતગુરુ થાપિઓ દીપવિજય જય સિદ્ધ. ૨૩.**

પર્યુષણ જેવા મહાપર્વમાં ગ્રંથની પૂજાની જેમ ગુરુની પૂજા કરવાની વાત **સજ્ઝાયમાં**[34] પણ આવે છે.

***ગુરુ-પુસ્તક પૂજો*, ભવિ દુરિત તજી ધ્રુજો, એહથી ધર્મ ન દૂજો હો રાજ.**

**પર્યુષણ સજ્ઝાય**[35]માં પણ અંગપૂજા કહી છે.

**ચિત્તે ચૈત્ય જુહારીએ રે લાલ, પૂજા સત્તર પ્રકાર રે,**

***અંગપૂજા સદ્‌ગુરુ તણી રે લાલ,* કીજીએ હર્ષ અપાર રે. ૮**

**પર્યુષણ સ્તુતિ**[36]માં પણ આ વાત આવે છે.

**ઝલકસ મસરૂ ને પાક રૂમાલ, પૂજીએ પોથી ને જ્ઞાન વિશાળ, ઠવણી સહેજ સંભાળ,**

**વળી *પૂજા કીજે ગુરુઅંગ,* સંવત્સરી દિન મનને રંગ, બારસા સુણી એક અંગ.**

આમાં સંવત્સરીના મહાન **દિને પણ ગુરુની અંગપૂજા** કરવાનું વિધાન કર્યું છે.

---

૩૩. – ભાગ-૨, પુરવણીકાર – પૂ. મુ. **શ્રી દર્શનવિજયજી** ત્રિપુટી.
સોહમ કુલ રત્નપટ્ટાવલી રાસ. પેજ-૯૩, ઢાળ-૪૬, ગાથા-૨૩.
કર્તા : કવિ બહાદુર **શ્રી દીપવિજયજી.**

૩૪ – 'શ્રી સરસ્વતી ધ્યાવો... મનવાંછિત પાવો' સજ્ઝાય. ગાથા-૭મી જુઓ.
કર્તા : **શ્રી જ્ઞાનવિમલ સૂરિજી** (ઉ. શ્રી યશોવિજયજીના સમકાલીન)

૩૫ – 'પર્વ પજુસણ આવીયાં રે લાલ' -સજ્ઝાય ગાથા-૬ જુઓ.
કર્તા : **પૂ. મુનિ મતિહંસવિજયજી.**

૩૬ – 'પુણ્યવંત પોસાલે આવે' -સ્તુતિ. ગાથા-૪ જુઓ. કર્તા-પૂ.આ.શ્રી **ભાવલબ્ધિ સૂરિજી.**

– **ધર્મસંગ્રહ**[37]માં પણ ગુરુની અંગપૂજા બતાવી છે. જણાવ્યું છે કે,

**...ગુરુને મોટું (દ્વાદશાવર્ત્ત) વંદન કરવું, ગુરુની અંગપૂજા-પ્રભાવના-સ્વસ્તિક (ગહૂંલી) કરવી વગેરે કરવા પૂર્વક વ્યાખ્યાન સાંભળવું.**

અહીં ટીપ્પણમાં પૂ. બાપજી મહારાજના સમુદાયના પૂ. આચાર્યશ્રી **ભદ્રંકરસૂરિજી** મહારાજ લખે છે કે,

**– પોતાની પૂજા કરાવવા ઈચ્છવું એ સાધુનો ધર્મ નથી, પણ ગુરુપૂજા કરનારને અટકાવવો જોઈએ નહિ. કારણ કે શ્રાવકને તો યોગ્ય જ્ઞાની ગુરુની પૂજા કરવી તે તેનો ધર્મ છે.**

---

૩૭ – ભાગ-૧, પૃષ્ઠ-૬૪૯ જુઓ. ગુજરાતી ભાષાંતર-કર્તા-પૂ.મુ. **શ્રી ભદ્રંકરવિજયજી મ.** (હાલ આચાર્ય). – પ્રકાશક : જૈન વિદ્યાશાળા, અમદાવાદ.

# તપાગચ્છમાં ગુરુપૂજનના પાઠો

આચાર્યશ્રી **વર્ધમાનસૂરિજીએ 'આચાર દિનકર'**[N1] નામનો વિધિ વિધાનને લગતો એક ગ્રંથ બનાવ્યો છે. વર્ષો પહેલાં છપાયેલ અપ્રાપ્ય એ ગ્રંથનું પુનર્મુદ્રણ પૂ.આ. શ્રી **નેમિસૂરિજી મ.**ના સમુદાયના પૂ.આ.શ્રી **નીતિપ્રભસૂરિજી** મ. જે કરાવેલ છે. જેમાં પૂ.આ.શ્રી **ચંદ્રોદય સૂ.રિજી મ.** તથા પૂ. ગણિશ્રી **પ્રદ્યુમ્નવિજયજી મ.** (હાલ આચાર્ય) જે પ્રાસ્તાવિક વચનો લખી આપ્યા છે. આ ગ્રંથની પ્રાચીન અને નવી બન્ને આવૃત્તિમાં **પં. રમાપતિ મિશ્ર**ની વિસ્તૃત પ્રસ્તાવના છે. જેમાં આચાર્ય શ્રી વર્ધમાનસૂરિજી મ.ને તપાગચ્છ અને ખરતરગચ્છ એ ભેદ પડ્યો એ પહેલાંના સમયમાં માન્યા છે. ખરતરગચ્છીય આદ્ય આચાર્યશ્રીના પણ તેઓ ગુરુદેવ હતા, એમ જણાવ્યું છે. એટલે એ મુજબ આ ગ્રંથનો રચના સમય વિક્રમનો અગ્યારમો સૈકો ઠરે છે.

જ્યારે જૈન પરંપરાનો ઇતિહાસ ભા. ૨જામાં પૃષ્ઠ-૪૩૭ ઉપર આ. શ્રી વર્ધમાનસૂરિજીએ પંદરમાં સૈકામાં આ ગ્રંથ બનાવ્યાનો પ્રસંગ નોંધેલો છે. જે પણ હોય તપાગચ્છ અને ખરતરગચ્છમાં એકસરખો માન્ય હોઈ તેમજ સેનપ્રશ્ન વગેરે વિવિધ ગ્રંથોમાં અને પૂજા વગેરે કાવ્યોમાં પણ એની પ્રામાણિક ગ્રંથ તરીકે સાક્ષી અપાતી જોવા મળતી હોઈ અગ્યારમાં કે પંદરમાં સૈકામાં બન્યાની વાતનો નિર્ણય ન થાય તો પણ આ એક અત્યંત આદરપાત્ર સંઘમાન્ય ગ્રંથ છે, એમ કહ્યા વિના ચાલે તેમ નથી.

---

N 1. પૃ. ૧૫ જુઓ. પ્રકાશક. પં. કેશરિસિંહ ઓસવાલ ખામગામવાળા. ખરતરગચ્છ ગ્રંથમાળા. વિ.સં. ૧૯૭૮.
પુનઃ પ્રકાશન - પ્રેરક - પૂ.આ. શ્રી **નીતિપ્રભસૂરિજી મ.** પ્રકાશન. વિ.સં. ૨૦૩૮.

આ ગ્રંથમાં સોળ સંસ્કારની વાત કરવામાં આવી છે. તદંતર્ગત પુત્રના નામકરણ-સંસ્કારની વિધિમાં ગુરુની '**નવાંગ પૂજા**'ની વાત વિધાન સ્વરૂપે કરેલી છે.

**ततः सपुत्रा स्त्री त्रिःप्रदक्षिणीकृत्य यतिगुरुं नमस्कुर्यात् । नवभिः स्वर्णरूप्यमुद्राभिः गुरोर्नवाङ्गपूजां कुर्यात् ।**

**ભાવાર્થ - ત્યારબાદ પુત્ર સહિત સ્ત્રી(માતા) ત્રણ પ્રદક્ષિણા આપીને યતિગુરુને (સાધુને) નમસ્કાર કરે. નવ સોના-રૂપાની મુદ્રાઓ વડે ગુરુના નવે અંગે પૂજા કરે.**

સ્ત્રીઓ નવાંગી ગુરુપૂજન કરી શકે છે એ આ પાઠથી અત્યંત સ્પષ્ટ થઈ જાય છે.

આ જ ગ્રંથમાં શરૂઆતમાં જ **યતિ** શબ્દ સાધુ ભગવંત માટે પ્રયોજ્યાનું જણાવ્યું છે.

જુઓ. **सावज्जजोगपरिवज्जणाओ सव्वुत्तमो जइधम्मो । સાવદ્ય યોગના ત્યાગથી સર્વોત્તમ એવો યતિધર્મ છે.**

તેથી જ બીજા વાક્યમાં સ્પષ્ટપણે ગુરુ શબ્દ વાપર્યો છે.

**દ્રવ્ય સપ્તતિકામાં** આ અંગેની વિધિ બતાવતાં '**વસતિ-ઉપાશ્રયમાં રહેલા ગુરુ**' એમ કહી આ અંગે વધુ સ્પષ્ટતા કરેલી છે.

**દ્રવ્યસપ્તતિકામાં**[N2] પહેલાં ગૃહસ્થ ગુરુ પાસે, **બાળકનું નામ**

---

N 2. આ ગ્રંથના ૩૯થી આગળનાં પૃષ્ઠ જુઓ. પ્રકાશક : શ્રી જૈન શ્વે. સંઘની પેઢી, પીપલી બજાર, ઈન્દોર (મ.પ્ર.) ભાષાંતર - **પં.શ્રી પ્રભુદાસ બેચરદાસ** સંપાદક : પૂ. મુ. શ્રી **નિરુપમસાગરજી** (સાગરજી મ.ના સમુદાયના) નોંધ :'**દ્રવ્ય સપ્તતિકા**' ગ્રંથના રચયિતા ઉપા.**શ્રી લાવણ્યવિજયજી** મહારાજ ૧૮મા સૈકાના પ્રભાવક પુરુષોમાંના એક હતા. ઉપા. શ્રી **માનવિજયજી** મહારાજે રચેલા '**ધર્મસંગ્રહ**' નામના આકર ગ્રંથનું સંશોધન એમણે કર્યું હતું. એ જ ગ્રંથને વિશદ ટિપ્પણીઓથી અલંકૃત કરનાર મહો. **શ્રી યશોવિજયજી** મહારાજે એની પ્રશસ્તિમાં ઉપા. **શ્રી લાવણ્યવિજયજી** માટે અત્યંત બહુમાનભર્યો ઉલ્લેખ કરેલો જોવા મળે છે. આ ગ્રંથ સકલ સંઘમાં **સર્વમાન્ય** બનેલ છે અને પ્રત્યેક સ્થળે ધર્મદ્રવ્ય વહીવટ અંગે એકી અવાજે એની ભલામણ કરવામાં આવે છે.

પાડીને, પછી તેમાં ગુરુમહારાજની આજ્ઞારૂપ સંમતિ લેતી વખતે સોના-રૂપાના નવ-સિક્કાથી થતી ગુરુમહારાજની '*નવાંગીપૂજા*'નો ઉલ્લેખ થયો છે.

**तथा, बालस्य नाम स्थापनाऽवसरे, गृहादाऽऽगत्य, सबालः श्राद्धः वसतिगतान् गुरून् प्रणम्य, नवभिः स्वर्णरूप्यमुद्राभिर्गुरोर्नवाऽङ्गपूजां कृत्वा, गृह्यगुरुदेवसाक्षिकं दत्तं नाम निवेदयति । ततः उचितमन्त्रेण वासमऽभिमन्त्र्य, गुरुः ॐ काराऽऽदिन्यासपूर्वं, बालस्य स्वसाक्षिकं नाम स्थापनामऽनुज्ञापयति । इति ।**

બાળકનાં નામ પાડવાને વખતે બાળક સહિત શ્રાવક ઘેરથી આવીને ઉપાશ્રયમાં રહેલા ગુરુ મહારાજને વંદના કરીને, **સોના કે રૂપાના નવ સિક્કાથી ગુરુ મહારાજની નવ અંગે પૂજા કરીને**, ઘરના (ગૃહસ્થ) ગુરુ અને દેવની સાક્ષીએ જે નામ પાડ્યું હોય, તે (ગુરુ મહારાજને) નિવેદન કરે છે, પછી ગુરુ મહારાજ ઉચિત મંત્રે વાસક્ષેપ મંત્રીને ૐકાર વગેરેના ન્યાસ (સ્થાપના)પૂર્વક પોતાની સાક્ષીપૂર્વકની બાળકના નામની સ્થાપના પોતાની આજ્ઞાપૂર્વકની બનાવે છે.

તપાગચ્છના વર્તમાન સમયના આદ્ય આચાર્યશ્રી **વિજયાનંદસૂરિજી** મહારાજે (આત્મારામજી) **તત્ત્વનિર્ણય પ્રાસાદ**[N3] નામનો મોટો ગ્રંથ બનાવ્યો છે, તેના વીશમા સ્તંભમાં ગુરુની નવાંગી પૂજાની વાત કરી છે.

तद् पीछे **पुत्रसहित माता** तीन प्रदक्षिणा करके यतिगुरु को नमस्कार करे । **नव सोने रूपे की मुद्रा करके गुरु के नवांग की पूजा करे ।**

ત્યાર બાદ **પુત્ર સહિત માતા** ત્રણ પ્રદક્ષિણા આપીને યતિગુરુને

---

N3 આવૃત્તિ પ્રથમ : અષ્ટનામકરણ સંસ્કારવર્ણનો નામ વિંશસ્તંભ. પૃષ્ટ-૩૪૫ જુઓ. સંપાદક - **પૂ. મુનિ વલ્લભવિજયજી** (પછીથી આચાર્ય)
**નોંધ** - શ્રી આત્મારામજી મહારાજે યતિ પરંપરાનો ખૂબ વિરોધ કરેલો. તેથી આ પાઠમાં પ્રયોજાયેલો 'યતિગુરુ' શબ્દ જોઈ કોઈ 'શિથિલાચારી સાધુ' એવો અર્થ ન કરી બેસે. 'યતિ'નો અર્થ 'સાધુ' જ એમને અભિપ્રેત હતો. મૂળ 'આચાર દિનકર' ગ્રંથમાં પણ યતિ શબ્દની વ્યાખ્યામાં સાધુ જ જણાવેલ છે. દ્રવ્ય સપ્તતિકામાં પણ 'वसतिगतान् गुरुन्' પદ દ્વારા ઉપાશ્રયમાં રહેલા સાધુ જ ગ્રહણ કરાયા છે.

નમસ્કાર કરે. **નવ સોના- રૂપાની મહોરો વડે ગુરુના નવે અંગોની પૂજા કરે.**

❖ ઉ. સકલચંદ્રગણીએ અનેક પ્રતિષ્ઠા કલ્પોનું સમન્વય કરી ઉધૃત કરેલ **પ્રતિષ્ઠા કલ્પની હસ્તલિખિત પ્રતોમાં** પણ ગુરુની નવાંગી પૂજાની વાત કરવામાં આવેલી છે. સંઘના સદ્ભાગ્યે આજે પણ એવી પ્રતો અકબંધ જળવાયેલી છે.

❖ **પ્રતિષ્ઠા કલ્પની પ્રત**માં[N4] પાંચમી લીટીમાં ત્રીજા દિવસના કૃત્યમાં જણાવ્યું છે -

**श्री गुरूणामपि नवांगपूजा कर्त्तव्याः ।**

**શ્રી ગુરુઓની પણ નવાંગી પૂજા કરવી.**

❖ જ્યારે **પ્રતિષ્ઠા કલ્પની બીજી પ્રતમાં** [N5] નવમી લીટીમાં -

**श्रावकें श्री गुरुनी नवांग पूजा करवी ।**

આવો સ્પષ્ટ પાઠ છે.

**પ્રતિષ્ઠા કલ્પની ત્રીજી**[N6]પ્રતમાં ચોથી લીટીમાં -

**श्री गुरुनै नवै अंगै सुवर्णमुद्रास्तथारौप्यमुद्राइं अंगपूजा करीयै ।**

આવો સ્પષ્ટ પાઠ છે.

---

N4 જૈન શાળા સ્થાપિત શ્રી નીતિવિજયજી શાસ્ત્ર સંગ્રહ સ્તંભન તીર્થ પોથી નં. ૨૫૨, પ્રત નં. ૨૨૦૯, પૃષ્ઠ-૫ જુઓ. લેખન સં. ૧૭૯૪, બુર્હાણપુરે રચના - સોળમા સૈકામાં લાહોરમાં.

N5 જૈન શાળા સ્થાપિત શ્રી નીતિવિજયજી શાસ્ત્ર સંગ્રહ સ્તંભન તીર્થ પોથી નં. ૨૫૨, પ્રત નં. ૨૨૦૯. પૃષ્ઠ-૧૬-૭ જુઓ. લેખન સં. ૧૭૯૪, બુર્હાણપુરે રચના-સોળમાં સૈકામાં લાહોરમાં.

N6 જૈન શાળા સ્થાપિત શ્રી નીતિવિજયજી શાસ્ત્ર સંગ્રહ સ્તંભન તીર્થ પોથી નં. ૨૪૫. પ્રત નં. ૨૧૩૬, પૃષ્ઠ-૧૨ જુઓ. વિ.સં. ૧૮૭૬ ચંદ્ર નાગ મુનિ રસ વર્ષે જુન્નેરગ્રામે. લેખક હર્ષવિલાસ મુનિ.

❖ **જિનબિંબ પ્રવેશ વિધિ**[N7] (સકલચંદ્રગણી કૃત પ્રતિષ્ઠા કલ્પાંતર્ગત)માં લખ્યું છે

- सिद्धचक्रनी पूजा करी **श्री गुरुनी नवांगें पूजा करे** यथाशक्ति ते अवसरें समस्त संघने पहेरामणी करे ।

❖ **જૈન પ્રતિષ્ઠા વિધિ**[N8] (સકલચંદ્રગણી કૃત પ્રતિષ્ઠા કલ્પાંતર્ગત)માં લખ્યું છે -

पछै सिद्धचक्रनी पूजा करी पछै **श्री गुरुनी नवे अंगे पूजा करै** शक्ति माफक समस्त संघनें पहिरावणी करै ।

❖ **જિનબિંબ પ્રવેશ વિધિ**[N9] (સકલચંદ્રગણી કૃત પ્રતિષ્ઠા કલ્પાંતર્ગત)માં લખ્યું છે -

पछै **गुरुनें नव अंगे पुजणूं करिइं** पछि सर्व संघनें केशरनां छांटणां करि श्रीफल वस्त्र प्रभावना शांमिवच्छल करे ।

❖ **જિનબિંબ પ્રવેશ વિધિ**[N10] (સકલચંદ્રગણી કૃત પ્રતિષ્ઠા કલ્પાંતર્ગત)માં લખ્યું છે -

पछे सीद्धचक्रनी पुजा करी **पछे गुरुने नवंगी पुजा करे** सगती होए ते प्रमाणे पहेरामणी करे ।

તપાગચ્છની વિજય દેવસૂરિજીની પરંપરાના ભટ્ટારક આચાર્ય શ્રી**વિજયક્ષમાસૂરિએ** વિ.સં. ૧૭૭૭, ફાગણ સુદ-૯ના સોજિત નગરથી **ઘિણોજ સંઘના આગેવાન ઉપર વિસ્તૃત પત્ર**[N11] લખ્યો છે. તેમાં સોજિતનગરની સ્થિરતા દરમ્યાન થયેલ શાસન

---

N7 હસ્તલિખિત પ્રત નં. ૫૫૫૧ ૧૯મા સૈકાની પત્ર-૨૬ જુઓ.

N8 હસ્તલિખિત પ્રત નં. ૧૬૫૪ ૧૯મા સૈકાની પત્ર-૫ ૧/૨ જુઓ.

N9 હસ્તલિખિત પ્રત નં. ૧૭૯૯ લેખક : રાજરત્નસૂરિ વિ.સં. ૧૮૭૩, પાનું-૪ જુઓ.

N10 હસ્તલિખિત પ્રત નં. ૬૨૩ ૧૯મા સૈકાની પત્ર-૭/૨ જુઓ.
પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિ શાસ્ત્ર સંગ્રહ તપાગચ્છ આરાધના ભવન, પાછીયાની પોળ, અમદાવાદની આ ચારે પ્રતો છે

N11 આ પત્ર ઘિણોજ સંઘના ઉપાશ્રયમાં મઢાવેલો છે.
લેખન સંવત-૧૭૭૭, ફા.સુ. ૯. લીટી-૪૧/૪૨ જુઓ.

પ્રભાવનાનાં વર્ણન સાથોસાથ **નવાંગી ગુરુપૂજા** થયાની પણ વાત કરી છે.

ठाम ठामना संघ वांदवा आवै छै. **रूपईये-मोहरे नवांगी पूजा** श्रीफले-सोपारीए प्रभावना द्रव्य- व्रतोच्चारणादि अनेक धर्मकार्य चोथा आरानी परै प्रवर्ते छइ.

એ જોતાં નવાંગી ગુરુપૂજનની શાસ્ત્રોક્ત પ્રથાનું પાલન જગદ્‌ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજ પછીના કાળમાં પણ એકસરખું જળવાઈ રહ્યું હતું, તે ખ્યાલમાં આવે છે.

**'શ્રી પ્રતિષ્ઠાવિધિ સમુચ્ચય, પ્રતિષ્ઠા કલ્પ'**N12 આ પ્રતનું સંપાદન-સંકલન પૂ. આ. **વિજયનેમિસૂરિજી મહારાજના** પટ્ટાલંકાર પૂ. આ. **વિજયઅમૃત સૂ. મહારાજે** કર્યું છે. એમાં જણાવ્યું છે કે –

**સિદ્ધચક્રની પૂજા કરે, 'ગુરુની નવાંગ-પૂજા કરે' યથાશક્તિ સમસ્ત સંઘને પહેરામણી કરે.**

આ જ વાત **'કલ્યાણ કલિકા'**N13 માં નીચે મુજબ વર્ણવી છે :

**...સિદ્ધચક્રની પૂજા કરવી, શ્રી ગુરુની નવ અંગે પૂજા કરવી, યથાશક્તિ સંઘને પહેરામણી આપવી...**

વિધિ-ગ્રંથોમાં આવતા આ વિધાન પરથી જાણી શકાય છે કે, પ્રતિષ્ઠાદિ પ્રસંગે જિનમંદિરમાં જ, પ્રભુજીને પડદો કરીને થતું **ગુરુનું નવાંગી પૂજન** શાસ્ત્ર અને પરંપરાથી સિદ્ધ છે.

**પ્રતિષ્ઠા કલ્પાદિ અત્યુપયોગી વિધિઓ**N14 માં શ્રી જિનબિંબ

---

N12. બિંબપ્રવેશ પ્રતિષ્ઠા વિધિ શીર્ષકવાળું પૃષ્ઠ-૮૧ જુઓ. પ્રકાશિકા : શ્રી જૈન સાહિત્ય વર્ધક સભા, શિરપુર.

N13. જિનબિંબ પ્રવેશ વિધિ ખંડ બીજો, પૃષ્ઠ-૧૬૬ જુઓ.

N14. ભા. ૨જો, પૃષ્ઠ-૪૪ જુઓ. સંયોજક-પ્રકાશક : શ્રી સોમચંદ હરગોવિંદદાસ છાણી અને શ્રી છબીલદાસ કેસરીચંદ સંઘવી.

પ્રવેશ વિધાનમાં જણાવાયું છે કે –

**સિદ્ધચક્રની પૂજા કરે, ગુરુની નવાંગ પૂજા કરે, યથાશક્તિ સમસ્ત સંઘને પહેરામણી કરે.**

**બિંબ પ્રવેશ વિધિ**[N15] ની મુદ્રિત પ્રતમાં પણ એ વાત છે.

सिद्धचक्रनी पूजा करे, **गुरुनी नवांग पूजा** करे, यथाशक्ति संघने पहेरामणी करे ।

જગદ્‌ગુરુશ્રી હીરસૂરિજી મહારાજ પાટણ પધાર્યા, ત્યારે અનેક શ્રાવકોએ એમનું **નવાંગી પૂજન** કર્યું હતું. એનું વર્ણન **'જગદ્‌ગુરુ-કાવ્ય'**[N16] માં નીચેના શ્લોકથી કરાયું છે :

આ ગ્રંથ પૂ.આ.શ્રી વિજય હીરસૂરિજી મહારાજના જીવનકાળ દરમ્યાન જ બનેલો છે અને કર્તાએ પૂ.આ.શ્રી વિજય હીરસૂરિજી મહારાજને માંગરોળમાં અર્પણ કરેલ છે.

**श्राद्धास्तत्र *नवाङ्गपूजन*मिमे चक्रुः सुवर्णैस्तथा,**
**सूरीशस्य यथा च तैः समुदितैः कोशो भवेद् भूपतेः ।**
**एकस्तीर्थकरोपमः कलियुगे संसारदुःखार्तिहृत्,**
**चेन्नायं किल पूज्यते तदिह कः स्यात्पूजनार्ह परः ।।१६१।।**

**અર્થ : શ્રાવકોએ ત્યાં (પાટણમાં) સૂરીશનું (શ્રી હીરસૂરિજીનું) સુવર્ણથી નવાંગીપૂજન એવી રીતે કર્યું કે – એ સુવર્ણનો સમૂહ કરવામાં આવે તો રાજાનો ભંડાર થઈ જાય ! આ કલિયુગમાં સંસારના સંતાપની પીડાને દૂર કરનારા તીર્થંકર જેવા એક આ સદ્‌ગુરુ છે. જો તેઓ ન પૂજાય તો, પછી આ સંસારમાં બીજો વળી કોણ પૂજાને યોગ્ય છે ?**

અકબર પ્રતિબોધક જગદ્‌ગુરુ **શ્રી હીરસૂરીશ્વરજી** મહારાજાના ઠેર ઠેર થયેલા **નવાંગીપૂજન** અંગે ઉલ્લેખો મળે છે. તેઓશ્રી

---

N15. પૃષ્ઠ-૧૧૧, લીટી-૧૧/૧૨ જુઓ. સંયોજક - પ્રકાશક : પોપટલાલ સાકરચંદ શાહ. પ્રકાશન સંવત-૧૯૯૪.

N16. પૃષ્ઠ-૨૩, શ્લોક-૧૬૧ જુઓ. રચયિતા **શ્રી પદ્મસાગરગણિ.** પ્રકાશક શ્રી યશોવિજય ગ્રંથમાળા. રચના વિ.સં. ૧૬૪૬

શત્રુંજય પધાર્યા ત્યારે સુવર્ણમુદ્રાથી થયેલા એમના **નવાંગીપૂજનનું** વર્ણન કરતો એક શ્લોક **'વિજય પ્રશસ્તિ'**[N17] માં નીચે મુજબ મળે છે. આ ગ્રંથ પૂ.આ.શ્રી હીરસૂરિજી મહારાજના કાળધર્મ બાદ થોડા જ વર્ષો બાદ તેમના પ્રશિષ્ય પટ્ટધર પૂ.આ.શ્રી દેવસૂરિજી મહારાજના શાસનકાળમાં બનેલો છે.

**सौवर्णटङ्कादिभिरर्चितः श्री –**
**सङ्घेन सद्भक्तिसहस्रसंख्यैः ।**
**भट्टारकेन्द्रो विजहार हीरः,**
**शत्रुञ्जयात् तीर्थवरात् ततोऽथ ।।१३।।**

**टीका :** भट्टारकेन्द्रो हीरः श्रीहीरसूरिः, किं श्रीसङ्घेन सहस्रसंख्यैः सौवर्णटङ्कादिभिः आदिशब्दात् मालवदेशसङ्घेन महार्घ्याभरणै-**र्नवाङ्गेषु** सद्भक्तिर्यथा स्यात् तथाऽर्चितः पूजितः, सति समये ततः श्रीशत्रुञ्जयात् तीर्थवरात् विजहार विहारं कृतवान् इत्यर्थः ।।१३।।

**ટીકાના આધારે અર્થ :**

**શ્રી સંઘ વડે હજારો સુવર્ણટાંકથી પૂજાયેલા, તેમજ માલવદેશના સંઘથી કિંમતી-આભૂષણો દ્વારા નવેઅંગે ભક્તિ પૂર્વક પૂજાયેલા શ્રી હીરસૂરીશ્વરજી મહારાજે સમય થતાં, શત્રુંજય તીર્થેથી વિહાર કર્યો.**

મહોપાધ્યાય શ્રી **ધર્મસાગરજી** મહારાજની પરંપરાના મહોપાધ્યાય **શ્રી જ્ઞાનસાગરગણિ શિષ્ય** વિરચિત **'ધન્ય ચરિત્ર'**[N18] માં સોમિલ ઋષિ જૈનશાસનની પ્રભાવના કરીને

---

N17. સર્ગ-૧૩. શ્લોક-૧૩, પૃષ્ઠ-૪૯૦ જુઓ. કાવ્યકર્તાશ્રી હેમવિજયગણિ. ટીકા કર્તાશ્રી ગુણવિજયગણિ. રચના વિ.સં. ૧૬૮૮

N18. ત્રીજો પલ્લવ, પૃષ્ઠ-૨૯ જુઓ.
**નોંધ :** આ ગ્રંથની જૂની તેમજ નવી આવૃત્તિમાં નવાંગી પૂજનનો સ્પષ્ટ પાઠ હોવા છતાં એના ભાષાંતરની પ્રતમાંથી 'નવાંગી' શબ્દ હેતુપૂર્વક ઊડાડી દેવામાં આવ્યો છે. ભાષાંતરની પ્રત પૂ. આ. શ્રી નેમિ સૂ.રિજીમ.ના સમુદાયના પૂ. આ. શ્રી શ્રેયાંસચંદ્ર સૂરિજી મ. જે છપાવેલ છે.

આવે છે, ત્યારે રાજપ્રતિબોધક એ ઋષિની રાજા-મંત્રી વગેરેએ કરેલી **નવાંગીપૂજા**નું વર્ણન આ પ્રમાણે કર્યું છે :

**ततो भक्त्या विधिपूर्वकं द्वादशावर्तवन्दनादिविहिते सहागतेन अमात्यादिराजपुरुषेण आचार्यस्य *नवाङ्गपूजन*-प्रभावनादिकृतम् ।**

**અર્થ : ત્યાર પછી ભક્તિથી વિધિપૂર્વક દ્વાદશાવર્ત વંદન કરીને સાથે આવેલા મંત્રી આદિ રાજપુરુષો દ્વારા આચાર્યનું નવાંગીપૂજન, પ્રભાવના આદિ કરાયું.**

જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા જેવા તપાગચ્છાગ્રણી જ નવાંગ ગુરુપૂજામાં માનતા હતા તેમ નહિ, પરંતુ તેમના સમકાલીન **ખરતરગચ્છાદિમાં** પણ એ શાસ્ત્રીય પરંપરાનું પાલન થતું હતું. એથી જ એ સમય દરમ્યાન થયેલ **જયકીર્તિ મુનિ**એ પોતાના રચેલા **શ્રીપાળ ચરિત્ર**[N19]માં નવાંગપૂજનનો ઉલ્લેખ કર્યો છે.

**सद्‌गुरूणां नवाङ्गपूजनं विधाय.....**

**સદ્‌ગુરુઓની નવાંગપૂજા કરીને...**

**'શ્રી પ્રશસ્તિ સંગ્રહ'**[N20] નામના દળદાર ગ્રંથમાં અનેકાનેક પ્રાચીન ગ્રંથોની પ્રશસ્તિઓ સંગ્રહિત કરવામાં આવી છે. એમાં **'હિતોપદેશ'** નામના ગ્રંથની પ્રશસ્તિમાં સિરોહીના મંત્રી મુખ્યશ્રી તેજપાલે અમદાવાદમાં બધા આચાર્યદેવાદિ મુનિવરોની, સોના-રૂપા આદિ નાણાંથી કરેલી **નવાંગીપૂજા**નું વર્ણન નીચે મુજબ કરવામાં આવ્યું છે :

**श्रीशत्रुञ्जययात्रार्थं बहुसङ्घयुतेन समागतेन श्रीवस्तुपालतेजपालतुल्येन**

---

N19. શ્રીપાળ ચરિત્ર ખરતરગચ્છીય **મુનિ જયકીર્તિ** કૃત, પૃ. ૮૩, પંક્તિ-૭ ઉપર જુઓ.

N20. વિભાગ-૨જો, પૃષ્ઠ નં. ૧૯૦, પ્રશસ્તિ નંબર-૭૬૦ જુઓ. સંપાદક : અમૃતલાલ મગનલાલ શાહ, પ્રકાશક : દેશવિરતિ ધર્મારાધક સમાજ, દોશીવાડા, અમદાવાદ.

दानकल्पद्रुमसमानेन श्रीविजयदेवसूरीणां परमभक्तेन तपागच्छपरमधर्मानुरागिणा मन्त्रीसीरोहीवास्तव्येन सीरोहिदेशाधिपतिमंत्रिमुख्येन महं श्रीतेजपालसकलसंघयुतेन निजाग्रहमाननमुदितचेतसा *सर्वेषां भट्टारकश्री-सूरि-वाचक-पंडित-साधु-प्रभृतीनां स्वर्णरूप्यादिनाणकैर्नवाङ्गपूजाकरणेण* श्रीफलप्रभावनाकरणेन महानुत्सवश्चके ।

**અર્થ :** ઘણા સંઘોની સાથે શ્રી શત્રુંજયની યાત્રા માટે નીકળેલા, શ્રી વસ્તુપાલ-તેજપાલ જેવા, દાન માટે કલ્પવૃક્ષ જેવા, શ્રી વિજયદેવસૂરિના પરમભક્ત, તપાગચ્છ સ્વરૂપ પરમધર્મના અનુરાગી, સીરોહી નિવાસી, સીરોહી નરેશના મંત્રીમુખ્ય, પોતાના આગ્રહના સ્વીકારથી પ્રમુદિત મનવાળા શ્રી તેજપાલે સકલસંઘની સાથે **ભટ્ટારક, સૂરિ, વાચક, પંડિત અને સાધુ વગેરે સર્વેની સોના-રૂપા આદિનાં નાણાંથી નવાંગીપૂજન કરવા દ્વારા** તેમજ શ્રીફળની પ્રભાવના કરવા દ્વારા મહાન ઉત્સવ કર્યો.

**દેવસૂરગચ્છ** નામ જેમનાથી પ્રચલિત થયાનું જે કેટલાકો દ્વારા કહેવાય છે તે તપાગચ્છના આચાર્ય શ્રી વિજય દેવસૂરિજીના પરમ ભક્ત સીરોહીના મહામાત્ય તેજપાળે અમદાવાદમાં (હા, અમદાવાદમાં !) સઘળા ભટ્ટારકો (ગચ્છાધિપતિઓ), આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસો, સાધુઓ વગેરેની સોના-રૂપાના નાણાંથી '**નવાંગી પૂજા**' કર્યાનો ઉલ્લેખ ઈતિહાસકાર બંધુ ત્રિપુટીએ જૈન પરંપરાનો ઈતિહાસમાં[N21] કરેલ છે.

સં. તેજપાલ સિરોહીમાં રહેતો હતો. સિરોહીના રાજાનો મહામાત્ય હતો. જે 'મહામાત્ય વસ્તુપાળ તેજપાલ' જેવો મનાતો હતો. દાન દેવામાં 'કલ્પવૃક્ષ' જેવો મનાતો હતો. જે તપગચ્છના ૬૦ ભટ્ટારક વિજય દેવસૂરિ (૧૬૫૬ થી ૧૭૧૩)નો પરમભક્ત હતો. તેણે અમદાવાદમાં સૌ **ભટ્ટારકો, આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસો, સાધુઓ વિગેરેની સોના-રૂપાના નાણાંથી 'નવાંગી પૂજા' કરી.** જૈનોમાં નારિયેળની પ્રભાવના કરી મોટો ઉત્સવ કર્યો.

આજ વાત **રાજનગરનાં જિનાલયો**[N22] નામના ગ્રંથમાં નીચે

---

N21. ભાગ ત્રીજો પૃષ્ઠ ૫૧૭-૫૧૮ જુઓ. પ્રકાશક - ચારિત્ર સ્મારક ગ્રંથમાળા.

N22. પૃષ્ઠ-૮ જુઓ. પ્રકાશક : શેઠ આનંદજી કલ્યાણજી, અમદાવાદ-૧.

મુજબ કરવામાં આવેલી છે. **(તેજપાલ સં. ૧૬૮૧ની આસપાસ)**

સં. ૧૬૮૧ની આસપાસ તેજપાલ નામનો એક શ્રેષ્ઠી થઈ ગયો, જે શિરોહીમાં રહેતો હતો અને તેના રાજાનો મહામાત્ય હતો. તે તપાગચ્છનાં ૬૦મા ભટ્ટારક વિજયદેવસૂરિ (સં. ૧૬૫૬ થી સં. ૧૭૧૩)નો પરમ ભક્ત હતો. તેણે અમદાવાદમાં મોટો ઉત્સવ કર્યો હતો. **તે સમયે સૌ ભટ્ટારકો, આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસ તથા સાધુઓ વગેરેની સોના-રૂપા- નાણાથી નવાંગી પૂજા કરી હતી.** સં. ૧૬૮૧ના પ્ર. ચૈ.સુ. ૯ને રવિવારે તેમણે અમદાવાદમાં તપાગચ્છના દેવસૂરસંઘ અને આનંદસૂરસંઘની બંને શાખાઓનો ભેદ મટાડી એક કરવાનો પ્રયત્ન કર્યો. આથી સંઘે મોટો ઉત્સવ કરી તેજપાલને 'ગચ્છભેદનિવારણ તિલક' અને સંઘપતિનું તિલક કર્યું હતું.

તપાગચ્છાધિરાજ જગદ્‌ગુરુશ્રી હીરસૂરિજી મ.ના પટ્ટધર સવાઈહીરલા શ્રી સેનસૂરિજી થયા. તેમણે આચાર્યશ્રી દેવસૂરિજીને પટ્ટધર સ્થાપ્યા. જેમના નામને આગળ કરીને 'દેવસૂર સંઘ'નો પ્રચાર કરાઈ રહ્યો છે, તે આચાર્ય શ્રી દેવસૂરિજી મહારાજની પાટે પૂજ્ય આચાર્ય વિજયસિંહસૂરિજીને સ્થાપવામાં આવ્યા. જેઓની આજ્ઞાથી જ પંન્યાસ સત્યવિજયજી, પં. ઋદ્ધિવિમલજી તેમજ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિએ ક્રિયોદ્ધાર કરી સંવેગી માર્ગ જીવંત કર્યો હતો. **એ ગચ્છાધિપતિ આચાર્યશ્રી સિંહસૂરિજીની થયેલી નવાંગી ગુરુપૂજાનો આ પાઠ *જૈન પરંપરાનો ઈતિહાસ*[N23]માં નોંધેલો છે.**

"કિશનગઢ સં. ૧૭૦૦ લગભગમાં... રૂપાસિંહ રાઠોડ રાજા હતો. તેને રાયચંદ નામે જૈન મહામાત્ય હતો. આ.શ્રી વિજયસિંહ સૂરિએ સં. ૧૭૦૧માં મંત્રી

N23.–ભાગ-૪, પેજ-૨૬૬-૨૬૭ જુઓ. લેખક : પૂ. મુ. **શ્રી દર્શનવિજયજી** આદિ ત્રિપુટી.
– સંપાદક : **પૂ. પં. શ્રી અભયસાગરજી** ગણી.

રાયચંદની વિનંતીથી કિશનગઢમાં ચોમાસું કર્યું. મંત્રી રાયચંદે તેમના ઉપદેશથી અહીં મોટો જિનપ્રાસાદ બંધાવ્યો.

આ. વિજયસિંહસૂરિએ સં. ૧૭૦૨ના માગસર મહિનામાં મંત્રી રાયચંદે બંધાવેલા શામળિયા પાર્શ્વનાથના જિનપ્રાસાદમાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરી, તેમજ તેમાં માણિભદ્રવીરની પણ સ્થાપના કરી.

આ પ્રતિષ્ઠા ઉત્સવમાં આલ્હણપુર વજા મહેશદાસનો મંત્રી સુગુણ અહીં આવ્યો હતો. તેણે આચાર્યશ્રીને વંદન કરી **સોના મહોરથી નવઅંગે પૂજા કરી હતી.**"

આના ઉપરથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે, **દેવસૂરસંઘ તરીકે જે પરંપરાને ઓળખાવવામાં આવે છે, તેમાં નવાંગી ગુરુપૂજનની શાસ્ત્રીય પરંપરા જીવંત હતી.**

**'સૂરીશ્વર અને સમ્રાટ'**[N24] પુસ્તકમાં જગદ્‌ગુરુની **સોનૈયાથી** અને **નવાંગીપૂજા** અંગે નીચે પ્રમાણેનો ઉલ્લેખ નોંધનીય છે.

સૂરિજીની ઉનાની સ્થિતિ દરમ્યાન જામનગરના જામસાહેબનો વજીર અબજી ભણશાલી સૂરિજીને વંદન કરવાને આવ્યો હતો. **તેણે સૂરિજીની અને બીજા સાધુઓની સોનૈયાથી નવઅંગે પૂજા** કરી હતી. **(પૃ. ૨૭૬, ૨૭૭)**

જેમની સ્તુતિ-સ્તવન-સજ્ઝાય આદિ કૃતિઓ પ્રતિક્રમણમાં બોલવાની પ્રમાણિત-પરંપરા આજે ય ચાલુ છે, એ સંઘમાન્ય શ્રાવક **કવિ ઋષભદાસ** રચિત **'હીરસૂરિ મ.ના રાસ'**[N25] માં કવિએ, જગદ્‌ગુરુએ દીક્ષા પૂર્વે સ્વગુરુના કરેલ નવાંગી પૂજનનો ને પછી ઉના આદિમાં **જગદ્‌ગુરુના થયેલ નવાંગીપૂજનો**ની વિગતો પૂરી પાડી છે, જે નીચે મુજબ છે :

---

N24. લેખક : પૂ.મુ. શ્રી વિદ્યાવિજયજી મ. પ્રકાશક : શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, ભાવનગર. વિ.સં. ૧૯૭૬.

N25. પ્રકાશક : દેવચંદ લાલભાઈ ટ્રસ્ટ, સુરત, ગુજરાત.

દીક્ષા પૂર્વે જગદ્‌ગુરુએ કરેલ સ્વગુરુની નવાંગીપૂજાનું વર્ણન જણાવતી રાસ-ગાથા આ પ્રમાણે છે.

**(A) તેણે કપૂર જ કર ગ્રહી, પૂજે ગુરુની દેહ;**
***મુદ્રા નવઅંગે ધરી*, સુણે વખાણ જ તેહ. (પૃષ્ઠ-૨૮, ગાથા-૪)**

ઉનામાં શ્રી હીરસૂરિજી મહારાજનું થયેલ નવાંગી ગુરુપૂજનને જણાવતી કડીઓ નીચે મુજબની છે.

**(B) કરતી ગહુંલી નારી મૂકે, મહિ ગુંદી સારી;**
***પૂજ્યા ગુરુ નવઅંગી*, સોવન ધર્યા મનરંગી. (પૃ. ૨૧૬, ગાથા-૨૩)**

**(C) અબજી ભણશાળી તસ નામ, આવી હીરની પૂજે તામ;**
***સોનૈયા નવઅંગે ધરે*, બીજા સાધની પૂજા કરે. (પૃ. ૨૧૭, ગાથા-૮)**

**પર્યુષણા પર્વના વ્યાખ્યાનની સજ્ઝાયના** રચયિતા (પં. ક્ષમાવિજયજી શિષ્ય) **પંડિતશ્રી માણેકવિજયજીએ,** પ્રથમ વ્યાખ્યાનની બીજી સજ્ઝાયમાં **નવાંગી-ગુરુપૂજનનું** વિધાન કર્યું છે. આ સજ્ઝાય **'નિર્મળ પ્રિયાત્મ વિનોદ યાને જિનગુણ મંજરી'**[N26]માં પ્રકાશિત થઈ છે. એ ગાથા નીચે મુજબ છે :

**પ્રહ ઉઠીને ઉપાશ્રયે આવી, *પૂજી ગુરુ નવ અંગે***
**વાજીંત્ર વાજતાં, મંગળ ગાવતાં, ગહુલી દીએ, મનરંગે.**
**પ્રાણી કલ્પસૂત્ર આરાધો. (૨)**

---

N26. પૃષ્ઠ-૬૦૮ જુઓ. સંગ્રાહિકા : **પૂ. સા. શ્રી પ્રિયંવદાશ્રીજી.** (શ્રી પ્રતાપસૂરિજી-ધર્મસૂરિજી મ.ના સમુદાયના.)

# શ્રાવકનો નવાંગી આદિ પૂજાના પાઠો

આચાર્ય શ્રી સોમસુન્દરસૂરિજીના પટ્ટધર, શ્રી મુનિસુંદર સૂરિજીના પટ્ટધર શ્રી જયચન્દ્રસૂરિજીના શિષ્ય **પં. શ્રી જિનહર્ષગણિએ 'શ્રી વસ્તુપાલ ચરિત્ર'**[S1] ની રચના કરી છે. એમાં જુદા જુદા સંઘોએ મહામંત્રીશ્રી વસ્તુપાલની કરેલી **નવાંગી પૂજા**નો તથા આવી પૂજાના હેતુઓનો ઉલ્લેખ નીચે મુજબ થયેલો જોઈ શકાય છે :

**अनुक्रमं ततः सङ्घेश्वराः सर्वेऽपि सस्पृहं ।**
**व्यधुर्वर्धापनश्रेणिं रचिताखिलमङ्गलाम् ।।६०।।**

**सानन्दाः सोदराः सर्वे, *नवस्वङ्गेषु* युक्तितः ।**
**निर्माय तिलकान्युच्चै-राशिषः प्रददुः शिवाः ।।६१।।**

**यतः -अंह्री तीर्थपथाग्रगौ सुव्रतिनौ दारिद्र्यसर्वङ्कषौ,**
**पाणी धन्यतमौ जगत्प्रियवचाः कण्ठो भुजौ दुर्द्धरौ ।**

**ईदृग्भाग्यभराभिरामलिपिवद्भालं तदेषां क्रमात्,**
**पूजा माङ्गलिकेऽर्हतोऽदृशि जनैः सङ्घेशितुस्तन्यते ।।६२।।**

**અર્થ : ત્યાર બાદ અનુક્રમે બધા પણ સંઘના આગેવાનોએ સ્પૃહાપૂર્વક ઘણી માંગલિક વસ્તુઓથી સજાવેલા વધામણાંની શ્રેણિને કરી.**

**આનંદવાળા સાધર્મિક સમા એ સર્વેએ (વસ્તુપાલના) નવેઅંગે યુક્તિથી તિલકો કરીને કલ્યાણકારી આશીર્વાદો મોટેથી આપ્યા.**

**તે આ રીતે : બે પગ તીર્થયાત્રામાં આગળ રહેનારા છે, બે હાથ સારા વ્રતને ધારનારા, દારિદ્ર્યને ઉખેડી નાખનારા હોવાથી ધન્યતમ છે, કંઠ જગતને પ્રિય થઈ પડે એવી વાણીને વદનારો છે. બે ભૂજાઓ દુર્ધર છે. આવા-આવા ભાગ્યના સમૂહથી સુંદર લિપિ જેવું ભાલ છે, તે કારણથી મંગલ દીવાના પ્રસંગે શ્રી**

---

S1. છઠ્ઠો પ્રસ્તાવ, પૃષ્ઠ-૩૧૬/૩૧૭ જુઓ. પ્રકાશક : હીરાલાલ હંસરાજ. વિ.સં. ૨૪૩૮.

**અરિહંત પરમાત્માની દૃષ્ટિ ન પડે એ રીતે (પડદો કરીને) ક્રમશઃ સંઘપતિના આ અંગોની પૂજા લોકો દ્વારા કરાય છે.**

સંઘપતિ-શ્રાવકના નવે અંગે પૂજાની આવી પરંપરાનો ઉલ્લેખ મળતો હોય ત્યારે સાધુ ભગવંતોના નવાંગી પૂજનમાં તો શંકા જ ક્યાં રહી ?

**સ્નાત્ર પૂજા**[S2] ભણાવ્યા બાદ આરતી-મંગળદીવો લુણ ઉતારતાં ભગવાનને પડદો કરી શ્રાવકે પોતાના નવે અંગ કુંકુમના (કેસરના) ચાંદલા કરવા એવી વિધિ સ્નાત્રપૂજાના અંતે આપવામાં આવેલ છે.

**... અહીં કળશાભિષેક કરી, પંચામૃતનો પખાલ કરવો, પછી પૂજા કરી, પુષ્પ ચડાવી, લૂણ ઉતારી, આરતી ઉતારવી, પછી પ્રતિમાજીને આડો પડદો રાખી, સ્નાત્રીયાએ પોતાના નવ અંગે કંકુના ચાંલ્લા કરવા. પછી પડદો કાઢી નાંખી મંગળ દીવો ઊતારવો. જો સ્નાત્ર પછી તરત જ શાંતિકળશ ભણાવવો હોય તો આ બધી ક્રિયા પછી કરવી – ઈતિ પંડિત શ્રી વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા.**

## શિલ્પીનું પૂજન

જિનબિંબ બનાવનાર શિલ્પીની પણ પૂજા કરવાનું વિધાન **પંચવસ્તુક**[S3]માં પણ મળે છે.

**"सम्पूज्य कर्त्तारं वासचन्दनादिभिः ।**

**"શિલ્પીની સુગંધી ચંદન વગેરેથી પૂજા કરવી."**

શ્રાવક કે શિલ્પીનું પણ પૂજન થાય તો ગુરુનું ન થાય એમ માનવામાં સુજ્ઞતા નથી.

---

S2. – વિવિધ પૂજાસંગ્રહ, પૃ. ૨૩ જુઓ. પ્રકાશક : જૈન પ્રકાશન મંદિર, અમદાવાદ.

S3. – પૃષ્ઠ-૪૮૧, ગાથા-૧૧૩૦ની ટીકા. કર્તા : **આ. શ્રી હરિભદ્રસૂરિજી.** પ્રકાશક : પંચાશક પ્રકાશન સમિતિ. ભાષાંતર : **પૂ. આ. શ્રી રાજશેખરસૂરિજી.**

## ગુરુપૂજન - નવાંગીગુરુપૂજન - શ્રાવકપૂજન અંગે
## સંદર્ભગ્રંથો - અકારાદિ ક્રમે

૧. આચાર દિનકર ભાગ-પહેલો.
૨. આચારાંગ સૂત્ર
૩. ઐતિહાસિક રાસ સંગ્રહ, ભાગ-ચોથો.
૪. કલ્યાણ કલિકા, ખંડ-બીજો.
૫. કુમારપાળ પ્રતિબોધ
૬. કુમારપાલ ચરિત્ર (હિંદી)
૭. જગદ્ગુરુ કાવ્ય
૮. જિનગુણ પદ્યાવલી
૯. જિનબિંબ પ્રવેશ વિધિ-હસ્તલિખિત
૧૦. જૈન પરંપરાનો ઈતિહાસ, ભાગ-ચોથો.
૧૧. જૈન પ્રતિષ્ઠા વિધિ - હસ્તલિખિત
૧૨. તત્ત્વ નિર્ણય પ્રાસાદ
૧૩. દ્રવ્ય સપ્તતિકા
૧૪. ધન્ય ચરિત્ર-ગદ્ય
૧૫. ધર્મસંગ્રહ
૧૬. નિર્મળ પ્રિયાત્મ વિનોદ યાને જિનગુણમંજરી
૧૭. નિઃશેષ સિદ્ધાંત વિચાર પર્યાય
૧૮. પટ્ટાવલી સમુચ્ચય, ભાગ-બીજો
૧૯. પંચવસ્તુક
૨૦. પંચાશકજી
૨૧. પર્યુષણા પર્વ માહાત્મ્ય
૨૨. 'પર્વ પજુસણ આવીયાં રે લાલ' - સજ્ઝાય
૨૩. પ્રતિષ્ઠા અંજનશલાકા વિધિનો ગુજરાતી અનુવાદ તથા અન્ય ઉપયોગી વિધિઓ
૨૪. પ્રતિષ્ઠા કલ્પ સકલચંદ્રગણિ કૃત હસ્તલિખિત
૨૫. પ્રતિષ્ઠા કલ્પાદિ અત્યુપયોગી વિધિઓ
૨૬. પ્રતિષ્ઠા વિધિ સમુચ્ચય
૨૭. પ્રશસ્તિ સંગ્રહ
૨૮. 'પુણ્યવંત પોસાલે આવે' - સ્તુતિ
૨૯. બિંબ પ્રવેશ વિધિ
૩૦. ભવિષ્યદત્ત ચરિત્ર
૩૧. રાજનગરના જિનાલયો
૩૨. વસ્તુપાલ ચરિત્ર - જિનહર્ષગણી કૃત
૩૩. વિજય પ્રશસ્તિ મહાકાવ્ય
૩૪. વિજય ક્ષમાસૂરિજીનો પત્ર
૩૫. સૂરીશ્વર અને સમ્રાટ
૩૬. સ્નાત્ર પૂજા - પં. વીરવિજયજી કૃત
૩૭. સ્વપ્નદ્રવ્ય વિચાર
૩૮. સંબોધ પ્રકરણ
૩૯. સંબોધ સિત્તરી
૪૦. શત્રુંજય માહાત્મ્ય (પદ્ય) ધનેશ્વર સરિજીકૃત
૪૧. શત્રુંજય માહાત્મ્ય (ગદ્ય) હંસરત્નસૂરિજીકૃત
૪૨. શ્રાદ્ધવિધિ
૪૩. શ્રીપાળ ચરિત્ર - જયકીર્તિ કૃત
૪૪. 'શ્રી સરસ્વતી ધ્યાવો' - સજ્ઝાય
૪૫. હીર પ્રશ્નોત્તર
૪૬. હીરસૂરિ મ.નો રાસ-ઋષભદાસ કૃત

- ❖ શું ગુરુપૂજન શાસ્ત્રીય છે ? ‘હા.’ જુઓ પેજ–૧ થી ૨૧
- ❖ શું નવાંગી ગુરુપૂજન શાસ્ત્રોમાં બતાવ્યું છે ? ‘હા.’ જુઓ પેજ–૨૨ થી ૩૪
- ❖ શું આગમમાં ગુરુપૂજનની વાત છે ? ‘હા.’ જુઓ પેજ–૨
- ❖ શું ગુરુપૂજનનાં વિધાનો મળે છે ? ‘હા.’ જુઓ પેજ–૨ થી ૧૩
- ❖ શું નવાંગી ગુરુપૂજન વિધાનરૂપે શાસ્ત્રોમાં છે ? ‘હા.’ જુઓ પેજ–૨૨ થી ૩૬
- ❖ શું ગુરુપૂજનનાં ઐતિહાસિક પ્રમાણો મળે છે ? ‘હા.’ જુઓ પેજ–૮ થી ૨૧
- ❖ શું નવાંગી ગુરુપૂજનને ઈતિહાસનો ટેકો છે ? ‘હા.’ જુઓ પેજ–૨૮ થી ૩૪
- ❖ શું ગુરુપૂજનની પરંપરા જોવા મળે છે ? ‘હા.’ જુઓ પેજ–૧૯ થી ૨૦
- ❖ શું નવાંગી ગુરુપૂજનની પરંપરાનાં પ્રમાણો છે ? ‘હા.’ જુઓ પેજ–૨૮ થી ૩૪
- ❖ શું અંગૂઠા સિવાય અન્ય અંગે પણ પૂજન કરવું શાસ્ત્રીય છે ? ‘હા.’ જુઓ પેજ–૨૨ થી ૩૪
- ❖ શું નવાંગે પણ ગુરુપૂજન થઈ શકે ? ‘હા.’ જુઓ પેજ–૨૨ થી ૩૪
- ❖ શું આચાર્યની જેમ અન્યનું પણ નવાંગી પૂજન થાય ? ‘હા.’ જુઓ પેજ–૨૨થી ૩૪, ૩૧ થી ૩૨
- ❖ શું સ્ત્રીઓ ગુરુભગવંતનું નવાંગી ગુરુપૂજન કરી શકે ? ‘હા.’ જુઓ પેજ–૨૩ થી ૨૪
- ❖ શું દેવસૂરગચ્છની પરંપ[illegible] ગુરુપૂજન નવાંગી ગુરુપૂજન છે ? ‘હા[illegible]ઓ પેજ–૩૦ થી ૩૩
- ❖ શું તપાગચ્છ સિવાય ર[illegible] નવાંગી ગુરુપૂજન માન્ય[illegible] ? ‘હા[illegible] જુઓ પેજ–૩૦